દિવ્ય જીવન

વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/-
વર્ષ - ૭, અંક - ૧૨

ડિસેમ્બર
૨૦૧૦



શક્તિ આરાધના

મૃત્યુ ઉપર વિજય મેળવો

મનનો વિજય એ ખરેખર મૃત્યુ ઉપરનો વિજય છે. મન સાથેની અંદરની લડાઈ બહારની મશીનગનથી લડાતી લડાઈ કરતાં પણ વધારે ભયંકર છે. લશ્કરના બળથી જગતને જીતવા કરતાં મનનો વિજય વધારે મુશ્કેલ છે. તમે મનોજયી અને યોગી બનો!

- સ્વામી શિવાનંદ

ધનતેરસના દિવસે સામૂહિક લક્ષ્મીપૂજન

લખનઉ ખાતે ભોજપુરી સમાજના કાર્યક્રમમાં અતિથિ વિશેષ મોરેશિયશના વડાપ્રધાન શ્રી અનિરુધ્ધ જગન્નાથજીનું અભિવાદન કરતા પૂજ્ય સ્વામીજી

લખનઉ ખાતે પ્રેસકોન્ફરન્સને સંબોધતા પૂજ્ય સ્વામીજી

પરમાર્થ નિકેતન, હૃષીકેશ ખાતે સ્વામિનારાયણ ગુરુકુળ વિશ્વ સંસ્થાનની વ્યક્તિત્વ નિર્માણ શિબિરના પૂર્ણાહુતિ પ્રસંગે મંચસ્થ સંતો અને ઋષિકુમારો અને પૂજ્ય સાધુ માધવપ્રિયદાસજી સાથે પૂજ્ય સ્વામીજી

પરમાર્થનિકેતન,હૃષીકેશ ખાતે ચંદન અને રુદ્રાક્ષના વૃક્ષોનું વૃક્ષારોપણ કરતા પૂજ્ય સ્વામીજી

શ્રી સ્વામી શિવાનંદજી મહારાજની પ્રેરણાથી પ્રકાશિત

દિવ્ય જીવન

વર્ષ : ૭ | અંક : ૧૨ | ડિસેમ્બર-૨૦૧૦

ॐ

एततोर्यदुपादानमेकं सूक्ष्मं सदव्ययम् ।
यथैव मृद्घटादीनां विचारः सोऽयमीदृशः ॥

अहमेकोऽपि सूक्ष्मश्च ज्ञाता साक्षी सदव्ययः ।
तदहं नात्र सन्देहो विचारः सोऽयमीतृषः ॥

आत्मा विनिष्कलो ह्येको देहो बहुभिरावृतः ।
तयोरैक्यं प्रपश्यन्ति किमज्ञानमतः परम् ॥

अपरोक्षानुभूतिः १५,१६,१७

જેમ ઘટાદિનું માટી (તેમ) આ બંનેનું જે ઉપાદાન (તે) એક, સૂક્ષ્મ, સત્ અને અવ્યય (છે), આ આવા પ્રકારનો વિચાર તે (વિચાર કહેવાય.)

(જેથી) હું પણ અદ્વિતીય, સૂક્ષ્મ, જ્ઞાતા, સાક્ષી, સત્ અને અવ્યય (છું) તેથી હું (બ્રહ્મ છું) આમાં સંદેહ નથી, આ આવા પ્રકારનો વિચાર તે (વિચાર કહેવાય).

આત્મા નિરવયવ અને એક (છે, તથા) દેહ અનેક રીતે ઘેરાયેલો (છે) તે બેનું એકપણું જુએ છે, આનાથી બીજું અજ્ઞાન કયું ?

શિવાનંદ વાણી

ગીતા સાધના : એવી સભાનતા સહિત કાર્ય કરો કે બધું જ આત્મા છે. બધું જ ભગવાન છે. ભગવાન જ પુરુષો અને સ્ત્રીઓ છે. રસ્તા પર લથડિયાં ખાતા વૃદ્ધો પણ ભગવાન છે. બધું આત્મા જ છે. દરેક પ્રાણીમાં તમારું સ્વરૂપ જુઓ. બધાને તમારા આત્માની જેમ ચાહો. શરીરોના ભેદ ન જુઓ, પણ તેમની પાછળ રહેલા સામાન્ય તર્કને જુઓ. જ્યારે તમે કર્મો કરો, ત્યારે નારાયણભાવ રાખો. **- સ્વામી શિવાનંદ**

અંક સૌજન્ય

(૧) સ્વ. ચંપકલાલ મગનલાલ ચોક્સી તથા સ્વ. કંચુલાબેન ચંપકલાલ ચોક્સીના પૂણ્યાર્થે. હા. અરવિંદ ઈ. મહેતા-સુરત

(૨) સોની રણછોડાઈ પનજીભાઈ તથા સોની નરશીભાઈ પનજીભાઈ (વેવાઈપક્ષ) તરફથી સાદર.

સંસ્થાપક અને આદ્યતંત્રી :
બ્રહ્મલીન શ્રી સ્વામી યાજ્ઞવલ્ક્યાનંદજી
(ડૉ. શિવાનંદ અધ્વર્યુજી)
સંપાદક મંડળ :
શ્રી સ્વામી અધ્યાત્માનંદજી
ડૉ. મફતલાલ જે. પટણી
ડૉ. હરીશ દ્વિવેદી

લેખ મોકલવાનું સરનામું :
તંત્રીશ્રી : ડૉ. મફતલાલ જે. પટણી
૪, વિશ્વભારતી સોસાયટી,
નવરંગપુરા ટેલિફોન ટાવર પાસે,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : ૨૬૪૦૮૪૦૬

મુખ્ય કાર્યાલય :
'દિવ્ય જીવન' માસિક, તેનું લવાજમ :
સ્વામી ચિદાનંદ સર્વજીવસેવાનિધિ
ઈતર પત્રવ્યવહાર અને મહામંત્રીનું કાર્યાલય :
શ્રી ઉપેન્દ્રભાઈ પુરોહિત
ગુજરાત દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ,
જોધપુર ટેકરી, શિવાનંદ માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન : ૨૬૮૬૧૨૩૪
ટેલિફેક્સ : ૨૬૮૬૨૩૪૫

E-mail :
sivananda_ashram@yahoo.com
Website : http://www.divyajivan.org

લવાજમ

ભારતમાં

વાર્ષિક લવાજમ	:	રૂ. ૧૦૦/-
શુભેચ્છક લવાજમ (૧૫ વર્ષ માટે)	:	રૂ. ૧૦૦૦/-
પેટ્રન લવાજમ	:	રૂ. ૨૫૦૦/-
છૂટક નકલ	:	રૂ. ૧૦/-
વિદેશ માટે (એર મેઈલ)		
વાર્ષિક (એર મેઈલ)	:	રૂ. ૧૨૦૦/-
શુભેચ્છક લવાજમ	:	રૂ. ૧૦૦૦૦/-

(૧૫ વર્ષ માટે) ચેક/ડ્રાફ્ટ (અમદાવાદ) દ્વારા

પ્રકાશક-મુદ્રક : અરૂણ દેવેન્દ્ર ઓઝા, **માલિક** ગુજરાત દિવ્ય જીવન સંઘ વતી પ્રિન્ટ વિઝન પ્રા. લિ., પ્રિન્ટ વિઝન હાઉસ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬ પ્રેસ ખાતે છપાવી શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫થી પ્રકાશિત કર્યું.

અનુક્રમ

૧.	શ્લોક - આત્મબોધ	શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય	૧
૨.	અનુક્રમ, તહેવાર સૂચિ		૨
૩.	સંપાદકીય	સંપાદક	૩
૪.	કર્મ અને પુનર્જન્મ-૩	ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી	૫
૫.	આચારાંગ સૂત્ર	આચાર્ય વિજયરત્નસુંદરસૂરિજી	૭
૬.	'જે થાય તે સારા માટે'ની ભેદક દૃષ્ટિ	શ્રી સ્વામી ચિદાનંદજી	૮
૭.	પ્રેમ એ જ ઈશ્વર-૨	શ્રી સ્વામી વ્યંકટેશાનંદજી	૧૦
૮.	મનાચે શ્લોક-મનોબોધ	શ્રી સ્વામી અધ્યાત્માનંદજી	૧૨
૯.	શિવાનંદ કથામૃત	ગુરુદેવના સંન્યાસી શિષ્યો	૧૪
૧૦.	યોગ એ જ જીવન	શ્રી સ્વામી અધ્યાત્માનંદજી	૧૮
૧૧.	ગીતાજયંતી-(૧)	પરમાનંદ ગાંધી	૨૦
૧૨.	ઉપનિષદ-યાત્રા	શ્રી ગુણવંત શાહ	૨૨
૧૩.	સત્યં, શિવં, સુંદરમ્	ડૉ. હરીશ દ્વિવેદી	૨૫
૧૪.	વૃત્તાંત		૨૭

તહેવાર સૂચિ

ડિસેમ્બર, ૨૦૧૦

તા.	તિથિ	
		(કારતક વદ)
૧	૧૧	એકાદશી
૩	૧૩	શિવાનંદ આશ્રમમાં અખંડ મહામંત્રસંકીર્તન યજ્ઞની ૬૭મી સંવત્સરી, પ્રદોષપૂજા, શ્રી જ્ઞાનેશ્વર મહારાજની પુણ્યતિથિ
૫	૩૦	અમાવાસ્યા
		(માગશર સુદ)
૧૭	૧૧	એકાદશી, શ્રી ભગવદ્ગીતા જયંતી
૧૮	૧૨	પ્રદોષપૂજા
૨૦	૧૫	પૂર્ણિમા, શ્રી દત્તાત્રેય જયંતી
૨૧	૧૫	પૂર્ણિમા
		(માગશર વદ)
૨૪	૩	ક્રિસ્મસનો આગળનો દિવસ
૨૫	૪	ક્રિસ્મસ
૩૧	૧૧	એકાદશી, શિવાનંદ આશ્રમમાં શ્રી વિશ્વનાથ મંદિરનો ૬૭મો પ્રતિષ્ઠા મહોત્સવ

● ગુરુદેવ સ્વામી શિવાનંદજીનો ષડંગ યોગ ●

● સેવા ● પ્રેમ ● દાન ● પવિત્રતા ● ધ્યાન ● સાક્ષાત્કાર

નિરંતર અભ્યાસ : ઇંદ્રિયો દ્વારા નિયમન કરાતા મનને નાથવું જોઈએ. તેથી તેને કાબૂમાં લાવવા નિરંતર અભ્યાસ અને ભગવાનની મદદ જરૂરી છે. ભગવાનની મદદ માટે અનાસક્તિ જરૂરી છે. જેને તરતાં શીખવું છે, તેણે કેટલાક દિવસ તરવાનો અભ્યાસ કરવો જોઈએ. માત્ર એક દિવસના તરવાના અભ્યાસથી દરિયામાં તરવાનું સાહસ કોઈ ન કરી શકે. તેથી જો તમારે બ્રહ્મરૂપી સાગરમાં તરવું હોય તો તેમાં તરતાં પહેલાં તમારે શરૂઆતમાં ઘણાયે નિષ્ફળ પ્રયત્નો કરવા પડશે. પછી જ તમે સફળતાપૂર્વક તરી શકશો. **- સ્વામી શિવાનંદ**

"અનુરોધ-અભિલાષા" ગ્રાહકોને :

- **આપનું પત્રવ્યવહારનું સરનામું પિનકોડ સાથે સંપૂર્ણ હોય તે ટપાલ ખાતાના નવા નિયમો મુજબ અનિવાર્ય છે. તેથી સરનામાંની ચોકસાઈ માટે વિનંતી.**
- આપનો ગ્રાહક નંબર નોંધી લેવા વિનંતી છે, જેથી અંકની પ્રાપ્તિ સંબંધી કોઈ પણ પત્રવ્યવહાર કરતી વેળા ગ્રાહક નંબરનો ઉલ્લેખ વહીવટી સરળતા સર્જી શકે છે.
- સામાન્યતઃ દર માસની પાંચમી તારીખે અંક પ્રસિદ્ધ થયા બાદ તેની રવાનગીનું કામ શરૂ થાય છે. છતાં કોઈ ખાસ કારણોસર પ્રકાશનની નિર્ધારિત તારીખના ૧૦ દિવસ વીત્યે પણ જો આપને અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા બાદ વહીવટી કાર્યાલયને જણાવવું. સિલકમાં હશે તો બીજો અંક મોકલાશે.
- 'દિવ્ય જીવન'ની સામગ્રી આપને ગમી હશે. તેથી હવે આપનાં પરિચિત વર્તુળોમાં પણ તેની રસલ્હાણ થાય અને ગ્રાહકવૃદ્ધિમાં આપનો નક્કર સહયોગ અમને મળતો રહે તેવી અભિલાષા છે.
- અમદાવાદ સિવાયના ગ્રાહકોએ પોતાનું લવાજમ ડ્રાફ્ટ અગર મનીઓર્ડરથી જ મોકલવું.

દિવ્ય સ્ફુલિંગ

તમારી ફરજ બજાવો : તમારે તમારી સેવાઓનો બદલો ન સ્વીકારવો જોઈએ. માનવ મન એવું બનેલું છે કે તે તમને સેવાનું મૂલ્ય લીધા વિના કે સામેની વ્યક્તિ દ્વારા પ્રદર્શિત કૃતજ્ઞતા કે સ્મિત જોયા વિના કે 'થેંક યુ' સાંભળ્યા વિના સેવા નહિ કરવા દે. તમારી સેવા પામનાર માણસ તમને અન્યાય કરે, તમારી ટીકા કરે કે તમને ઠપકો આપે તો પણ તમારે તેની આત્મભાવે સેવા કરવી જોઈએ. સંમતિ કે પ્રશંસાની અપેક્ષા વિના 'આપણે આપણી ફરજ બજાવીએ' એ જ ધ્યેયથી સેવા કરવી જોઈએ. પ્રેમને ખાતર પ્રેમ, કામને ખાતર કામ. **- સ્વામી ચિદાનંદ**

સંપાદકીય

વિક્રમ સંવત ૨૦૬૭ પૂરું થયું. નૂતન સંવત્સરનો મંગળ પ્રારંભ થયો છે. આ વર્ષે દિવાળી અને બેસતા વર્ષ પૂર્વે-કે- વચ્ચે એક દિવસ ખાલી રહ્યો. છઠ્ઠી નવેમ્બરનો આ ખાલીપો અનેકાનેક જ્યોતિષ્વિદો અને વૈજ્ઞાનિકોને અકળાવી ગયો. તે દિવસે સૂર્યમાં ત્રણ મોટાં ગાબડાં પડ્યાં. અગન જ્વાળાઓના 'ક્લોઝઅપ' ચિત્રો સૌ સંવેદનશીલ લોકોની ચિંતાનું કારણ બન્યાં. સૂર્યમાં અમાપ શક્તિ, ઊર્જા અને અગ્નિક્ષમતા છે. તેની ઊર્જાનો આપણે કરોડો માઈલ દૂર બેસીને સોલર એનરજી સ્વરૂપે ઉપયોગ કરીએ છીએ. આ શક્તિ, ક્ષમતા, ઊર્જા, ચેતના અને અગનજુવાળમાં ગાબડાં ઉચિત નથી. પરંતુ જે કંઈ બધું પ્રાકૃત સંવેદનામાં વિકૃત થઈ રહ્યું છે, તે ચિંતાસ્પદ છે.

આપણાં સૌનાં જીવન પણ પ્રતિપળ ક્ષીણ થતાં જાય છે. આ ક્ષીણક્ષમતા જો માત્ર શારીરિક જ હોય તો તે પ્રાકૃત છે. કારણ 'જન્મ મૃત્યુ જરા વ્યાધિ દુઃખ દોષાનુદર્શનમ્' આ બધું જ પ્રાકૃતિક છે. પરંતુ અહંતા, મમતા, લોભ, ક્ષોભ, કામ, ક્રોધની જ્વાળાઓ ભડકા કરે; અને આપણાં વ્યક્તિગત, પારિવારિક, સામાજિક જીવનની શાંતિ, ક્ષમતા અને પ્રગતિમાં ગાબડાં પાડે તો તે વસ્તુતઃ ચિંતાસ્પદ વસ્તુ-વિષય છે.

ત્યારે જ્યારે આવું ક્ષણે ક્ષણે પળે પળે બનતું હોય તો થોડી કાળજીપૂર્વકની જાગૃતિ કેળવવી જ પડે. આ જાગૃત જાગૃતિનું નામ જ સાધના છે. જીવનના કોઈપણ ક્ષેત્રે કંઈ પણ વિશિષ્ઠ ક્ષમતા સંપન્ન ઉપલબ્ધિ કરવી હોય તો તદર્થે પ્રમાણિક પ્રયત્ન કરવા જ પડે. આ પ્રયત્ન સાતત્યનું નામ જ સાધના છે.

સાધના ક્ષેત્રે સૌથી પ્રથમ આવશ્યકતા આપણાં જીવનમાં સાધનાની જરૂરિયાત છે, તેની સમજણ હોવી જરૂરી છે. કારણ સૌથી મોટી સમસ્યા તો એ જ કે આપણે આપણાં જીવન દંભ છળ અને આડંબર કે ભ્રાન્તિભર્યાં હોવા છતાં, 'હું તો ઠીક જ છું' બાકી બધું જ બરાબર નથી, તેવી ભ્રાન્તિભર્યું જીવન. સ્મશાનમાં જ્યારે અગ્નિસંસ્કાર થાય ત્યારે મૃત માનવનાં સત્-અસત્‌ની ચર્ચા થાય. ક્ષણભંગુર જીવનની વાતોનો મિથ્યા પ્રલાપ પણ ચાલે; પરંતુ સ્મશાનમાંથી પાછા આવીને 'જૈસે થે' બધું જેમનું તેમ.

સાધના ક્ષેત્રે આ સ્મશાન વૈરાગ્યનો કંઈ વધુ અર્થ નથી. જ્યારે એક પણ ક્ષણે એવું સમજાય કે મારા જીવનનું એકમાત્ર લક્ષ્ય છે... ઈશ્વરઉપલબ્ધિ... આત્મ સાક્ષાત્કાર... ત્યારે સત્વરે જ જીવનનાં સર્વે તાણાવાણાઓ વચ્ચે આપણે અનાત્મમાંથી આત્મતત્ત્વ પ્રતિ અગ્રસર થવાને ઉત્કર્ષ અનુભવીશું. ભ્રાન્તિઓની મિથ્યાત્વના સમજણની જાળને તોડવા માટે શ્રી ગુરુદેવની શરણાગતિ સ્વીકારવી જ પડશે. લોકોના પ્રશ્ન હોય છે કે શું ગુરુની જીવનમાં આવશ્યકતા ખરી ? હા. ચોક્કસ ગુરુની આવશ્યકતા અનિવાર્ય છે.

આપણે રમતવીરોને ઊંચો કૂદકો મારતા જોયા છે. તેઓ એક વાંસ લઈને ઊંચી છલાંગ મારે છે, પરંતુ નિર્ધારિત ઊંચાઈ પર આવતાંની સાથે જ તેઓ વાંસ છોડીને નક્કી કરેલી ઊંચાઈને કૂદી જાય છે. તે સ્તરે આવ્યા પછી વાંસને સાથે લઈને ઊંચાઈ ને પેલે પાર ન જવાય, ત્યાં પહોંચ્યા પછી વાંસને છોડી જ દેવો પડે. પરંતુ ત્યાં પહોંચવા માટે વાંસને પકડીને જ દોડવું પડે. 'ન અન્ય પંથાઃ વિદ્યતે અયનાય' તેના વગર બીજો કોઈ ઉપાય જ નથી. માટે ગુરુની શરણાગતિ સ્વીકારવી. અહંશૂન્યતા, અહંકારત્યાગ વગર આ સંભવ નથી.

અહમ્‌ના ત્યાગ માટે જ સૌથી પહેલી આવશ્યકતા 'હું અહંકારી છું' તે જાણવું જરૂરી છે. આપણા સ્વાર્થનાં પડળોમાંથી પૃથક્ થઈને પરમાર્થ વૃત્તિને સ્વીકારવી જ પડશે. આવી દિવ્ય અને પવિત્ર ભાવના કેળવવા માટે જ સત્સંગ આવશ્યક છે. સત્સંગથી જ અસંગ થવાય. સત્સંગથી જ વિવેક પ્રાપ્ત થાય. સત્સંગથી જ મોહનો નાશ થાય. સત્સંગથી જ વૃત્તિઓ નિશ્ચલ બને અને સત્સંગથી જ જીવનમુક્તિ મળે.

નવધા ભક્તિનું પ્રથમ ચરણ શ્રવણ છે. સંતોના શ્રીચરણે બેસીએ, તેમનાં નિર્મળ વચનો સાંભળીએ. કથા-વાર્તાને જીવનમાં પ્રમુખસ્થાન આપીએ. જેમ ઘરમાં કચરો વાસીદું પોતાં કે ઝાપટઝૂપટ જરૂરી છે, તેમ સત્સંગ, સ્વાધ્યાય, જપ અને ધ્યાનનું સાતત્ય જીવનસાધનામાં મહદીય અગત્યતા ધરાવે છે.

આપણી ઊર્જાને ક્રોધના આવેશમાં નાશ ન કરીએ. આપણી ચેતના ક્ષમતા ઓજસનો 'સતત બહુજનહિતાય સુખાય ચ' ઉપયોગ કરીએ. મિથ્યાત્વમાંથી મુક્ત થઈ, સત્ય અને સત્વના આગ્રહી થઈએ.

સાધના તો કરવી જ પડશે. જપ, ધ્યાન, સત્સંગ અને સ્વાધ્યાયથી જ આંતરપડળો ઉઘડશે. અંતર નિર્મળ થશે. અંતર વિકસિત થશે. નિર્મળ નિષ્કપટ પ્રેમની સરવાણી હૃદયમાં પ્રગટશે, અને પ્રાપ્ત થશે એક વાસ્તવિક માનવજીવન, દિવ્ય જીવન. તે અસંભવ નથી; માટે પ્રયત્ન કરતા રહીએ. જે ચાલ્યા કરે તે ગન્તવ્યની પ્રાપ્તિ કરે જ. જે સાધના કરે, તે સિદ્ધિ પામે જ. આવી સિદ્ધિના સૌ અધિપતિ બને એ જ નૂતન સંવત્સરની અભ્યર્થના. ૐ શાંતિ.

- સંપાદક

વેદાંત જ્ઞાનવર્ધક શિબિર-નિમંત્રણ

શિવાનંદ આશ્રમ અમદાવાદ અને શ્રી પ્રણવભારતી ફાઉન્ડેશન અમદાવાદના સંયુક્ત ઉપક્રમે શ્રી શૃંગેરી શંકર મઠ સંન્યસ્ત અને સમગ્ર શ્રી ભારતવર્ષ પરિવ્રાજક, પરમ પૂજ્ય સ્વામી શ્રી પરમાત્માનંદ ભારતીજીનું આપણા નિમંત્રણથી આશ્રમ ખાતે આગમન થનાર છે અને સૌ મુમુક્ષુઓને લાભ મળે તે હેતુથી તા.૧લી જાન્યુઆરીથી ૩૦ જાન્યુઆરી ૨૦૧૧ સુધી પૂજ્યશ્રીનો વેદાંત જ્ઞાનવર્ધક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

પૂજ્ય સ્વામીજીના વ્યાખ્યાનની વિગતો નીચે પ્રમાણે છે.

સમય : સવારે ૭ થી ૮   વિષય : 'બ્રહ્મસૂત્ર'
સાંજે ૫-૩૦ થી ૭   વિષય : વેદાંત પ્રબોધ વ્યાખ્યાન

સ્થળ : પૂજ્ય સ્વામી ચિદાનંદજી યોગ અને ધ્યાન કેન્દ્ર - શ્રીશ્રીશ્રી અષ્ટલક્ષ્મી માતા ભવન, શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરા, અમદાવાદ.

પરમ પૂજ્ય સ્વામીજી હિન્દીમાં વ્યાખ્યાન આપશે.

આપ સૌને આપના સત્સંગી મિત્રો સહિત આ જ્ઞાનવર્ધક શિબિરમાં જ્ઞાન-ઉપાર્જનની સાતત્યતા જાળવવા તમામ દિવસોએ સમયસર **હાજરી આપવા આગ્રહભરી વિનંતી સાથે સાદર નિમંત્રિત કરીએ છીએ.**

પૂજ્ય સ્વામી પરમાત્માનંદ ભારતીજીનો પરિચય

શિવાનંદ આશ્રમ ખાતે જાન્યુઆરી ૨૦૧૧માં જે વેદાંત જ્ઞાનવર્ધક શિબિરનું આયોજન કરવામાં આવેલ છે તેમાં પરમ પૂજ્ય સ્વામી પરમાનંદ ભારતીજી સવારે 'બ્રહ્મસૂત્ર' ઉપર અને સાંજે 'વેદાંત પ્રબોધ' જેવા વેદાંત ગહન વિષયો ઉપર વ્યાખ્યાન આપનાર છે. પૂજ્ય સ્વામીજી શૃંગેરી શ્રદ્ધાપીઠમ્ દ્વારા સંન્યસ્ત દીક્ષા ગ્રહણ કરેલ છે. પૂજ્યશ્રીએ જગદ્ગુરુ શંકરાચાર્યના દર્શનશાસ્ત્ર ઉપર અને સવિશેષ અદ્વૈત વેદાંત ઉપર દીર્ઘકાળ પર્યંત ખૂબ જ ઊંડાણમાં અભ્યાસ કરેલ છે. પૂજ્યશ્રીએ ભારતમાં તેમ જ વિદેશમાં પણ વેદાંત ઉપર અનેક જ્ઞાનશિબિરોમાં હાજરી આપી માર્ગદર્શન આપેલ છે અને તે દ્વારા હિન્દુ સંસ્કૃતિનો બહોળો પ્રચાર કરતા આવ્યા છે.

પૂર્વાશ્રમમાં પૂજ્ય સ્વામીજીએ પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિક તેમ જ પ્રાધ્યાપક તરીકે ખૂબ જ અગ્રણી શૈક્ષણિક સંસ્થામાં સેવા આપેલ છે.

પૂજ્ય સ્વામીજી ખૂબ જ સરળ અને સચોટ વાણીમાં વિચાર-વિમર્શ કરે છે અને વેદાંતવિષયક જ્ઞાન મેળવવા ઉત્સુક એવા સર્વસામાન્ય મુમુક્ષુઓને પણ રસ પડે તેવા વિષયો ઉપર ખૂબ જ અસરકારક છતાં સરળતાથી પોતાના વિચારો રજૂ કરે છે. વિશેષ કરીને પૂજ્ય સ્વામીજી મુમુક્ષુઓના લાભાર્થે નીચે દર્શાવેલ વિષયોને પોતાના પ્રવચનોમાં આવરી લેશે.

૧. શું ઈશ્વરનું અસ્તિત્વ એક હકીકત છે ? ૨. મૃત્યુ પછી પુનર્જન્મ સંભવ છે ? ૩. જીવ સૃષ્ટિનું ઉદ્ગમ કેવી રીતે થાય છે ? ૪. વેદોના રચયિતા કોણ છે ? જેવા અનેક વેદાંતના વિષયો ઉપર તેઓ વિચાર-વિમર્શ દ્વારા વ્યાખ્યાન આપે છે. પૂજ્ય સ્વામીજીએ દેશ-વિદેશમાં અનેક ધાર્મિક શિબિરો અને સંમેલનોમાં હાજરી આપી માર્ગદર્શન પૂરું પાડેલ છે.

કર્મ અને પુનર્જન્મ-૩

ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી

કાર્ય-કારણનો કાયદો વિશ્વની આંતરિક સંવાદિતા અને ખામીરહિત વ્યવસ્થા જાળવી રાખે છે.

જો વૃક્ષ કાર્ય છે તો બી કારણ છે. ચાલો આ ક્રમ આપણે ઊલટો કરીએ તો વૃક્ષ કારણ છે અને બી કાર્ય છે. બીમાંથી વૃક્ષ ઊગે છે એટલે વૃક્ષ અસર છે, પરિણામ છે. માનવી જ્યારે પુત્ર-પ્રાપ્તિ કરે છે ત્યારે તે પિતા બને છે. સમય જતાં પુત્ર મોટો થાય છે, તે પરણે છે અને તે પોતે પિતા થાય છે. આ રીતે કાર્યમાં કારણનો અને કારણમાં કાર્યનો સમાવેશ થાય છે. આ પરથી એ સ્પષ્ટ થાય છે કે કાર્ય એ કારણનો એક અભિન્ન ભાગ જ હોય છે. કાર્ય-કારણની આ એક સાંકળ છે. એનો અંત નથી. આ સાંકળનું કોઈ પણ જોડાણ બિનજરૂરી નથી. આ સાંકળ અભિન્ન અને અતૂટ છે. આ પરમ આવશ્યક કાયદા પ્રમાણે દુનિયા ચાલે છે. આ કાયદો બદલી શકાય એવો નથી-સચોટ છે. તમે ગાજરનાં બી વાવો છો ? તમે મૂળો ફૂટી નીકળે તેવી આશા રાખો છો ? તમે જે વાવશો તે લણશો. એ સિવાય બીજા કશાની જ અપેક્ષા તમે રાખી શકો નહીં. આમ, તમે સમજી શકશો કે આ કાયદો સંપૂર્ણ ન્યાય આપનારો છે.

મહેરબાની કરીને આટલું ધ્યાનમાં રાખો : વ્યક્તિઓનાં કે રાષ્ટ્રોનાં જીવનમાં બનતી કોઈપણ ઘટના, એની પાછળ રહેલા કારણ વગર બનતી નથી. કારણ નહીં તો ઘટના નહીં. આપણી જાતને કેટલાક પ્રશ્નો પૂછીએ : (૧) હિંસક યુદ્ધો કેમ ફાટી નીકળે છે ? (૨) ધૂમકેતુ આકાશમાંથી કેમ ખરી પડે છે ? (૩) જ્વાળામુખી કેમ ફાટે છે ? (૪) ધરતીકંપો કેમ થાય છે ? મેલેરિયા કેમ ખળભળાટ મચાવી મૂકે છે? (૫) મેઘગર્જના, વીજળી, રેલસંકટ, વાવાઝોડાં શા માટે ? (૬) શરીરમાં વિવિધ પ્રકારના રોગો કેમ ઉત્પન્ન થાય છે ? આ દરેકની પાછળ કોઈ નિશ્ચિત કારણ છે જ.

ધારો કે તમારા એક પગનું હાડકું ભાગી ગયું. પૂર્વ જન્મના તમારા કોઈ કુકર્મનું આ ફળ હશે. એટલે કુકર્મ એ કારણ છે અને હાડકું ભાંગવું એ પરિણામ છે. બીજી રીતે વિચારીએ તો ધારો કે તમને કોઈ ખૂબ આનંદદાયક અનુભવ થયો. એનું કારણ આ જન્મમાં કે પૂર્વ જન્મમાં તમે કરેલા કોઈ શુભ કર્મનું જ એ પરિણામ હોઈ શકે.

કુદરતના આ મહાન કાયદા નીચે જે કાંઈ ઘટના ઘટે છે તેની પાછળ કોઈને કોઈ કારણ અવશ્ય હોય છે જ. માત્ર અકસ્માતથી જ કોઈ ઘટના બનતી નથી. હા, એ ઘટનાનું કારણ આપણે શોધી શકતા નથી; કારણ કે તે ગુપ્ત કે અજાણ હોય છે. આપણે આગળ જણાવી ગયા છીએ કે કર્મનું ફળ ક્યારે અને કેવું આપવું એ માત્ર ભગવાનના હાથમાં જ છે. ભૂતકાળને ખૂબ શાણપણપૂર્વક આપણાથી ગુપ્ત રાખવામાં આવ્યો છે. ઘટના માટે કારણ નથી એવું આપણે કદી પણ કલ્પવું ન જોઈએ. દરેક ઘટના પાછળ કોઈને કોઈ કારણ તો હોય છે જ. ઘણા બધા બનાવોમાં કારણ સુસ્પષ્ટ હોય છે, જ્યારે કેટલાક બનાવોમાં તે અસ્પષ્ટ હોય છે.

ઘણાં યોગ્ય કારણોસર, પરમકૃપાળુ પરમાત્માએ આપણા ભૂતકાળ ઉપર પડદો ઢાળી દીધો છે. આપણાં જીવન, આપણી આસપાસની ઘણી બધી વ્યક્તિઓ સાથે સંકળાયેલાં છે. તેથી આપણો ભૂતકાળ આપણે જાણતા નથી એ આપણા જ ભલા માટે છે. ધારો કે ભૂતકાળની બીજાઓ સાથેની આપણી કડવી અથડામણોથી આપણને માહિતગાર કરવામાં આવે તો આપણે એમના પ્રત્યેની આપણી ધિક્કારની લાગણીને વ્યક્ત નહીં કરવા જેટલાં ડહાપણ, શક્તિ અને સમજ આપણામાં હશે ? જો આપણો ભૂતકાળ આપણને જણાવવામાં આવે તો આપણું જીવન વધારે ને વધારે ગૂંચવાડાભર્યું

બની ન જાય?

વળી, યાદદાસ્ત એ નિષ્ફળ સાધન છે. આપણા વર્તમાન જીવનની પણ ઘણી વિગતો આપણે યાદ રાખી શકતા નથી. તો લાંબા સમય પહેલાં થઈ ગયેલી આપણા પૂર્વ-જન્મોની ઘટનાઓ આપણે ફરીથી યાદ ન કરી શકીએ, કારણ કે આપણી યાદદાસ્ત ઘસાઈ ગઈ હોય છે. પણ ઘટનાઓ ઘસાઈ જતી નથી. જેમ ઊંડી એકાગ્રતાથી વર્તમાન જીવનની કેટલીક ઘટનાઓ આપણે ફરીથી યાદ કરી શકીએ છીએ તેમ જ જો આપણામાં એકાગ્રતાની મહાન શક્તિ હોય તો પૂર્વ-જન્મોની ઘટનાઓ પણ યાદ લાવી શકીએ. ભૂતકાળ કેવી રીતે ફરીથી યાદ લાવવો એની શાસ્ત્રીય પદ્ધતિ રાજયોગ આપણને શીખવાડે છે. પણ જ્યાં સુધી આપણે શાણા, પ્રેમાળ અને શુદ્ધ હૃદયના થઈએ નહીં ત્યાં સુધી ભૂતકાળ ન જાણવો એ આપણા માટે ઉત્તમ છે.

કુદરતમાં બનતી દરેક ઘટના, કાર્ય-કારણના કાયદાને સંવાદિત રહીને, કાર્ય કરતી કોઈ અદશ્ય શક્તિના કારણરૂપ જ હોય છે. ગ્રહનું પરિભ્રમણ અને એની હિલચાલ માટે આ અદશ્ય શક્તિ જ જવાબદાર છે. કેરીનું જમીન પર પડવું તથા અવકાશમાંથી પસાર થતાં અવાજનાં મોજાં પણ આ શક્તિને જ આભારી છે. આપણને ગમે કે ન ગમે પણ આ અદશ્ય શક્તિએ આપણને મૂંઝવણમાં મૂકી દીધા છે.

કર્મનો નિકાલ કેવી રીતે લાવવો.

દરેક વેદનાને એક જ ક્ષણમાં મટાડવાની શક્તિ ધરાવનાર મહાન સંતો પણ તેમનાં પ્રારબ્ધ કર્મોને આનંદ અને આદરપૂર્વક સ્વીકારી કર્મના આ કાયદાનું વિનમ્રતાથી પાલન કરતા હતા. તેઓ પણ પ્રારબ્ધ કર્મથી મુક્ત રહી શકતા નહીં.

છઠ્ઠી સદીના મહાન તત્ત્વજ્ઞાની સંત શ્રી શંકરાચાર્યને પીઠ પર ગાંઠ હતી; શ્રી રામકૃષ્ણને ગળાનું કેન્સર હતું; શ્રી અરવિંદને મૂત્રપિંડની તકલીફ હતી; આપણા મહાન ગુરુ શ્રી શિવાનંદજીને શરીરની કેટલીયે બીમારીઓ હતી, છતાં પણ તેઓ સદા આનંદમાં રહેતા. આ ''મહેમાનોનું'' પરમાત્માના દૂતો સમજી તેમનું સ્વાગત કરતાં કેટલાંયે વિનોદી કાવ્યો તેમણે લખ્યાં હતાં. સ્વામી ગંગેશ્વરાનંદ આજે સો કરતાં વધારે ઉંમરના છે અને એમની યાદશક્તિ અતિ તીવ્ર છે. (અવસાન : ૧૪-૨-૧૯૯૨) પરંતુ, તેઓ જ્યારે માત્ર પાંચ જ વર્ષના હતા ત્યારે તેમને અંધાપો આવ્યો હતો. જેમને ઈશ્વરસાક્ષાત્કાર થયો છે એવાં માતા કૃષ્ણાબાઈએ ગળાની કેટલીક તકલીફોને લીધે ઘણી વેદના સહન કરી હતી.

મહાન સંતોનું જીવન પણ આવું છે. તેમના જીવનનો અભ્યાસ કરો. તેમના પ્રારબ્ધને તેઓ આનંદથી ભોગવી લે છે. તેઓ સારી રીતે જાણતા હોય છે કે તેમનું પ્રારબ્ધ આવું કેમ છે. તેમની શારીરિક વેદનાઓની સહેજ પણ ચિંતા કે પરવા કર્યા વગર, તેઓ સદા હસતા અને આનંદમાં જ રહે છે.

ત્યારે હવે આપણા માટે શું ? પ્રારબ્ધની ગતિવિધિથી આપણે અજ્ઞાત છીએ. તેથી આપણે પારવગરનાં દુઃખ, દર્દ અને ચિંતાઓમાંથી પસાર થઈએ છીએ; અને આ રીતે આપણે ઘણીવાર વધારે ને વધારે દુઃખ આપનારાં કર્મો એકઠાં કરીએ છીએ; અને વધારે ને વધારે વેદના ભોગવીએ છીએ. પરિણામે, જ્યારે સંતોના ઉપદેશોથી અને ભગવાનના અનુગ્રહથી, આપણામાં વિવેકશક્તિ અને જ્ઞાનનો ઉદ્ભવ થાય છે, ત્યારે દુઃખદર્દ આપનારી આ તમામ પરિસ્થિતિઓ અને ઘટનાઓ તરફ વધારે ડહાપણભર્યો, સમતોલ અને સ્વસ્થ અભિગમ અપનાવીએ છીએ. હવે આપણે ભગવાન સાથે એકાત્મતા સાધવાનો નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરીએ છીએ અને કર્મની બેડીઓ તોડીને તેમાંથી મુક્ત થવા ઇચ્છીએ છીએ. સાથે સાથે સુખ, શાંતિ અને આનંદભર્યા ઉજ્જ્વળ જીવનનાં દ્વાર આપણી સમક્ષ ખૂલે છે. આપણા દૈનિક જીવનમાં જે બધી અસમાનતા તથા મૂંઝવતી પરિસ્થિતિ નજરે પડે

છે તેનો સાદો, તર્કશુદ્ધ અને સંતોષકારક જવાબ માત્ર કર્મનો અને પુનર્જન્મનો કાયદો જ આપે છે.

એક માનવી ખૂબ શ્રીમંત હોય છે અને બીજો ગરીબ શા માટે ? એક માનવ દુષ્ટ અને બીજો દયાનો ભંડાર શા માટે ? એક ઠોઠ અને બીજો પ્રખર બુદ્ધિશાળી કેમ જન્મે છે ? એક બહેરો, મૂંગો અને આંધળો અને અપંગ જન્મે છે અને બીજો રૂપરૂપનો અંબાર. એક મજબૂત અને તંદુરસ્ત, અને બીજો પાતળો-દૂબળો કેમ ? આ બધી અસમાનતાઓ આપણે કેવી રીતે સમજાવી શકીશું ? કર્મનો કાયદો લાગુ પાડીને જ આ બધી અસમાનતાઓનાં કારણો જો કે આપણે ખોળી શકતા નથી, તો પણ એટલું તો ચોક્કસ જ છે કે આ બધી અસમાનતાઓ આપણાં પૂર્વજન્મોનાં કર્મોનું જ પરિણામ છે. કર્મનો કાયદો સંપૂર્ણ ન્યાયી છે અને અપરિવર્તનશીલ છે.

જે આપણને સુખ સગવડ અને આનંદ આપે છે તેને આપણે 'સારો' કહીએ છીએ. જે આપણને તથા વિશ્વને લાભદાયી છે - તેને આપણે 'સારો' કહીએ છીએ અને જે આપણને દુઃખ, દર્દ, અગવડ અને બેચેની આપે છે તેને આપણે 'ખરાબ' કહીએ છીએ. સારા અને ખરાબના મિશ્રણનો પણ આપણે અનુભવ કરીએ છીએ; જે કેટલાકને સુખ આપે તે બીજાને દુઃખ આપી શકે.

ધારો કે તમે એક છોકરાને ઈજા કરી. આ કુકર્મનો પ્રત્યાઘાત તમારી ઉપર પડવાનો જ. એના બદલામાં, બીજો કોઈ તમને ઈજા કરશે. જ્યારે તમે એક છોકરાને ઈજા કરી ત્યારે તેને જેવું દુઃખ થયું હતું એવું જ દુઃખ જ્યારે તમને કોઈ ઈજા કરશે ત્યારે થશે જ. માટે ઈજાનો બદલો કદી પણ સામી ઈજા કરીને લેશો નહીં. ભૂલી જાવ અને ક્ષમા કરો. તમારી પોતાની શાંતિ માટે, કર્મનો નિકાલ કરવાનો ઉત્તમ રસ્તો આ જ છે. ક્ષમા એ જ ઈશ્વરી કાયદો છે; બીજો વિકલ્પ જ નથી. (ચાલુ)

☐ 'યોગના પાઠ'માંથી સાભાર



परस्पृहा महादुःखम्
निःस्पृहत्वं महासुखम् ।

જ્ઞાનસાર

શ્રી આચાર્ય વિજયરત્નસુંદરસૂરિજી

વિપુલ સંપત્તિ, નીરોગી શરીર, મસ્ત રૂપ, ચોમેર પ્રસરતી ખ્યાતિ, અઢળક અનુકૂળ સામગ્રી, આ છે સુખ ! દરિદ્રતા, નીરસ વિષયો, રોગિષ્ઠ શરીર, બેવફા સ્વજનો, અપમાનિત અવસ્થા, ડગલેનેપગલે પ્રતિકૂળતા, આ છે દુઃખ ! હા, જગતના જીવો પાસે 'સુખ અને દુઃખ'ની આ જ વ્યાખ્યા છે પણ

પ્રભુ !

આપે તો આ વ્યાખ્યાનો સાવ છેદ જ ઉડાડી દેતી એક ગજબનાક વ્યાખ્યા અમને આપી દીધી છે. અન્યની અપેક્ષા એ જ દુઃખ, કોઈનીય અપેક્ષા નહીં એ જ સુખ. ક્ષુધાતૃપ્તિ માટે ભોજનની અપેક્ષા રાખવી જ પડે છે, વાસનાપૂર્તિ માટે વિજાતીયના સહવાસની અપેક્ષા રાખવી જ પડે છે, પ્રશંસાની ભૂખ શમાવવા મધુર શબ્દશ્રવણની અપેક્ષા રાખવી જ પડે છે, એકલવાયાપણાની વેદના ટાળવા પરિવારની અને મિત્રોની અપેક્ષા રાખવી જ પડે છે. ટૂંકમાં, ખખડી ગયેલું મકાન જેમ ટકી રહેવા માટે ટેકાઓની અપેક્ષા રાખે જ છે તેમ દુઃખી ચિત્ત પ્રસન્ન રહેવા માટે અન્ય વ્યક્તિઓની અને વસ્તુઓની અપેક્ષા રાખે જ છે અને આ અપેક્ષા એ જ તો વાસ્તવિક દુઃખ છે.

પ્રભુ !

આપ અમને એવા જીવન માટે તૈયાર કરો કે જ્યાં અપેક્ષા હોય જ નહીં અને આનંદની કોઈ સીમા ન હોય !

☐ 'પ્રભુ વીર કહે છે' માંથી સાભાર

'જે થાય તે સારા માટે'ની ભેદક દૃષ્ટિ

શ્રી સ્વામી ચિદાનંદજી

પરમ દિવ્ય સત્તા તથા શાશ્વત, વૈશ્વિક આધ્યાત્મિક દિવ્યતાને પૂજનીય અંજલિ ! તમારા સૌ પર તે દિવ્ય સત્તાની કૃપા વરસો. આ દિવ્ય કૃપા તમને અહીં અને અત્યારે જ આ પરમ સત્તા તમારું અંતરતમ કેન્દ્ર છે તેવી સભાનતા આપે. તે સત્તા અલૌકિક, અધિવૈશ્વિક, લોકાતીત, કાલાતીત અને શાશ્વત છે એટલું જ નહિ પરંતુ તે સદા વર્તમાન સત્તા છે. લોકો કહે છે તેમ તે મન અને બુદ્ધિની પહોંચની બહાર નથી. કારણ તે તમારી અંતઃસ્થ સત્તા છે તથા તમારી જાતનું સારતત્ત્વ છે. તે સૌથી નજીકની વસ્તુ કરતાં પણ વધુ નિકટ છે.

અને, આ માનવી અને વસ્તુઓ, પ્રાણીઓ અને વનસ્પતિઓ, પહાડો અને નદીઓ, શહેરો અને ગામડાંઓની બનેલી દુનિયામાં તમે ફાવે ત્યાં જાઓ, તમે, હંમેશાં ઈશ્વરમાં જ વાસ કરી રહ્યા હશો. કારણ તે સમગ્ર વિશ્વમાં વ્યાપ્ત છે. તે કણકણમાં, વસ્તુના દરેક અણુમાં રહેલો છે, જે કંઈ અસ્તિત્વમાં છે તે બધામાં જ તે છે. તે અંતઃસ્થિત ઉપસ્થિતિ છે, તે સર્વ સ્થળે વ્યાપ્ત છે.

જગતના દૂર-સુદૂર ખૂણામાં જાઓ તો પણ તમે તેનામાં જ રહેતા હશો, તેનામાં ફરતા હશો, તમારું વ્યક્તિત્વ તેનામાં રહેલું હશે. માથાના ઉપરના ભાગથી, પગના અંગૂઠાના નખના અંત સુધી, તે ભરાયેલો છે. તમે ઈશ્વરમાં રહો છો; ઈશ્વર તમારામાં રહે છે. આ એક જ સત્ય છે. તમારું આખું જીવન દિવ્યતાથી ભરેલું છે; તમારું આખું જીવન દિવ્યતાથી સંતૃપ્ત છે.

વિશ્વ સમસ્ત દિવ્ય તત્ત્વથી ભેદાયેલું છે. આ સત્ય સમજીને જીવવું એટલે જ પ્રભુમાં અહીં અને હમણાં વસવું, આ શરીર છોડ્યા પછી નહિ, કોઈ મૃત્યુ બાદના અસ્તિત્વમાં નહિ. તમારામાં તેજસ્વી, દેદીપ્યમાન તથા કરોડો સૂર્યનાં તેજથી આંજી દેતો ઈશ્વર વસે છે. શાસ્ત્રોમાં તમારામાં વસતા ઈશ્વરનો આવો ઉલ્લેખ છે. અહીંના હમણાંના તમારા અસ્તિત્વનું કેન્દ્રસ્થ સત્ય તે છે.

તમારા હૃદયમાં ઈશ્વર વિરાજમાન હોય ત્યારે અંધકાર ક્યાંથી હોય ? આવા પ્રકાશમાં ઊંઘ ક્યાંથી હોય ? તમારી ચેતનામાં તમે જાગી જાઓ અને જાણો કે, તમે પ્રકાશથી ભર્યા છો, તમારી અંદર કશો જ અંધકાર નથી, કશી સુષુપ્તિ રૂપ રાત્રી નથી, પણ મધ્ય દિવસની જાગૃતિ છે, તો તમે આધ્યાત્મિક રીતે સચેત, આધ્યાત્મિકપણે જાગૃત રહેશો. તમારા ઉપનિષદ સમયના વડવાઓ ઈચ્છતા કે તમારું અંતર 'જાગ્રત, ઉત્તિષ્ઠત-જાગો ઊઠો' સ્થિતિમાં રહે.

પૂજનીય અને પ્યારા ગુરુદેવને ખૂબ ગમતી સાધના આ હતી : તમે સૌ જાગ્રત દિવ્યતા રાખીને હરો-ફરો, જેથી તમે જ્યાં પણ જાઓ ત્યાં તે પ્રસરે, જ્યાં પણ તમે જાઓ ત્યાં તમારી અંદરથી દિવ્યતા રેલાય, આ દિવ્યતા તમારા વિચાર, વાણી અને કર્મ અને તમે જેવું, જેવી રીતનું જીવન જીવો તે દ્વારા પ્રદર્શિત થાય. જ્યારે અને ત્યારે, તે તમને હંમેશાં પ્રવેગિત કરી દેતા, તમને તાજી પ્રેરણા આપી આગળ વધવા જાગ્રત કરતા કેમ જાણે થપ્પડ મારી તમને જગાડતા ન હોય !

ગુરુદેવ તમે અહીં આશ્રમમાં જે ધીર-ગંભીર જીવન ગાળો છો ત્યાં આવી તકો આપે છે. તમને આધ્યાત્મિકતાના પૂરમાં નવડાવવા આ આશ્રમમાં સેંકડો જિજ્ઞાસુ લોકોને લાવવાના તેઓ પ્રસંગો ઊભા કરે છે, જેથી તમારું આધ્યાત્મિક જીવન ફરીને ઝણહણતું, જાગ્રત, સચેત અને ગતિશીલ બને.

અસુવિધાની દૃષ્ટિએ જોવા કરતાં આ દૃષ્ટિએ કેમ ન લેવું ? પ્રસંગોને નકારાત્મક તથા નકામા સમજવા કરતાં ખૂબ મોટા સૌભાગ્યદાયક કેમ ન ગણવા ? અહીં આવનારા ફક્ત મહેમાનો નથી. તેઓ ભક્તો છે, સાધકો છે, ભગવદ્‌ભક્તો - ભગવદ્ પ્રેમીઓ છે, તમારી માફક આધ્યાત્મિક સિદ્ધિ માટે સંઘર્ષ કરતા લોકો છે એટલે તેઓ તેમના દુન્યવી વાતાવરણમાંથી મુક્ત થઈ, આધ્યાત્મિક વાતાવરણમાં થોડા સમય રહી ઉદાત્તતાનો લાભ મેળવવા, તેઓ એકાદ-બે અઠવાડિયાં અહીં આવે છે. તેમના હૃદય અને મનમાંથી ઉદ્‌ભવતાં આધ્યાત્મિક સ્પંદનો, તેમ જ તેમની મહત્ત્વાકાંક્ષાઓથી, તેમનાં વૈરાગ્ય અને વિવેકનાં સ્પંદનોથી આ આશ્રમને ભરી દે છે.

તેઓ તેમની હાજરીથી આ આશ્રમનાં આધ્યાત્મિક સ્પંદનોમાં ઉમેરો કરે છે અને તેથી ગુરુદેવના આધ્યાત્મિક સાંનિધ્યમાં જેઓ અહીં કાયમી રહે છે તેમને આ પ્રસંગોના ગાળામાં આ સમયમાં જાણે કે મિજબાની મળે છે, સામે આશીર્વાદની વિશિષ્ટ વર્ષા પણ મળે છે. આપણે

જે રીતે કરી શકીએ તેમ સેવા કરવાની તક આપણને મળે છે, આગળ આવીને તેમને મદદરૂપ થઈ શકીએ છીએ. નિઃસ્વાર્થ સેવા કરી આપણી જાતને ઉદાત્ત કરી, પવિત્ર થઈ શકીએ છીએ. ઉપનિષદો કહે છે કે, જો કોઈ આપણને પરોપકાર (નિઃસ્વાર્થ સેવા) કરવા તક આપે તો તે ઈશ્વર છે. અતિથિ આપણને અનુકૂળ થતાં ગોઠવાઈ જતાં અને નભાવી લેતાં શીખવતા હોવાથી આપણા તે ઉપકારક છે. ગુરુદેવે કહ્યું છે કે, અનુકૂળ થવું અને ગોઠવાઈ જવું એ સર્વોચ્ચ સાધના છે.

ઉપર બતાવી તે વિધાયક દૃષ્ટિ, સર્જનાત્મક દૃષ્ટિ તમને જે કંઈ થાય, તમારી સાથે જે કંઈ બની જાય તેથી તમારું આધ્યાત્મિક જીવન પુષ્ટ થશે. જો તમે આવી ખરી, સકારાત્મક, વેધક દૃષ્ટિથી જે કંઈ તમારી સાથે થાય તેને જોશો તો તમારા માટે તે લાભદાયક બાબત બની રહેશે. તમારા માટે દરેક બાબત આશીર્વાદ બનીને જ આવે છે. તમારા આધ્યાત્મિક જીવનને વધુ પુષ્ટ કરનાર તથા તેની આધ્યાત્મિક ગુણવત્તાને ઉચ્ચતર કરનાર હોય છે. આ દૃષ્ટિથી બધી બાબતો તરફ તમારે જોવું જોઈએ, તેને સમજવી, પકડવી જોઈએ અને તેની મદદથી ઉચ્ચ તરફ ગતિ કરવી જોઈએ. એ તો હકીકત છે કે તમે અહીં એશઆરામની, સગવડતાભરી બાહ્ય શારીરિક અને ભૌતિક જિંદગી ગાળવા નથી આવ્યા પણ આધ્યાત્મિક જીવન વ્યતીત કરવા આવ્યા છો. તમે અહીં જે જીવન જીવવાના છો તેમાં તપશ્ચર્યા એક અનિવાર્ય અંગ છે.

સર્જનના ઉષઃકાળથી માંડીને બધાં આધ્યાત્મિક જીવનના સંદર્ભમાં, પરંપરા ગમે તે હોય પણ તપસ્યા, આત્મનિગ્રહ, પશ્ચાત્તાપ, દેહદમનને મહત્ત્વ આપેલું જ છે. તે શક્તિપ્રદ પરિબળ છે, એ અસલી અને વિશ્વાસપાત્ર આધ્યાત્મિક જીવનનું એક અનિવાર્ય પરિબળ રહ્યું છે. આ એક સમજુ અને બૌદ્ધિક તપ અને પ્રાયશ્ચિત છે, ગાંડી અને અતાર્કિક દેહદમનની રીત નથી.

જો તમે આ દૃષ્ટિએ જોતાં શીખો, આ દૃષ્ટિને અપનાવતાં શીખો, આ દૃષ્ટિથી સમજી-સ્વીકારવા લાગો. આ દૃષ્ટિએ તેનો ઉપયોગ કરો તો ગુરુદેવનો આ આશ્રમ તમારા જીવનને ઉન્નત બનાવવા માટે અમૂલ્ય તક પૂરી પાડે છે. પછી તમે વિજેતા થશો. તમે વિજય મેળવશો. તમે ખરા યોગી થશો. તમે સાચા ભક્ત ગણાશો.

આધ્યાત્મિક જીવન માટે બાહ્ય વાતાવરણ મહત્ત્વનું અંગ નથી, પણ તમે જે આંતરિક વાતાવરણ સર્જી શકો છો તે મહત્ત્વનું છે. તમે જો એવું આંતરિક વાતાવરણ ઉદ્યમપૂર્વક સર્જવામાં સફળ થાઓ કે જેની પર બાહ્ય વાતાવરણની અસર ન થાય, આસપાસની અસર ન થાય તો તમે આધ્યાત્મિક જીવનનું રહસ્ય જાણ્યું ગણાય. તમે તે આંતરિક વાતાવરણમાં અક્ષુબ્ધપણે, બાહ્ય વાતાવરણની અસર સિવાય જીવી શકશો. તમારા પોતાના વ્યક્તિત્વના આંતરિક પરિમાણમાં, ઈશ્વરમાં જીવશો. તમે સ્વર્ગના સામ્રાજ્યમાં જીવશો.

માટે આ સ્પષ્ટપણે, બુદ્ધિપૂર્વક સ્વીકારવાનું છે. તમારે આ એક સો ટકા આંતરિક વાતાવરણ સર્જવા લાગી પડવું જોઈએ. તમારું જીવન તમારા હાથમાં છે. તમે તમારું જગત રચો છો; તમે તમારું વાતાવરણ બનાવો છો. ઉપનિષદો હંમેશાં કહેતાં આવ્યાં છે : તમારા હૃદયમાં પરમસત્તા-પરમ વાસ્તવિકતા તમારી પોતાની વાસ્તવિકતા હોય તેમ પ્રકાશી રહી છે, આ સત્યના પ્રકાશમાં જીવો.'

તમારા અંતરમાં દિવ્ય ઉપસ્થિતિ પ્રકાશી રહી છે તે અવસ્થાની પૂર્ણ સભાનતાવાળું તમારું અંતઃકરણ રહેવું જોઈએ. એક ક્ષણાર્ધ માટે પણ તમે ઈશ્વરથી કદી દૂર નથી. ક્ષણાર્ધ માટે પણ ઈશ્વર તમારાથી અલગ કે દૂર નથી. તમે તેની સાથે જ જીવો છો; સાથે જ હરો-ફરો છો, તમારું વ્યક્તિત્વ એક જ છે. તમારું મૂળ ઈશ્વરમાં છે.

આ રીતે આ જીવન ગાળો, બાહ્ય જગત તમને શું કરી શકવાનું છે ? હરેક પળે ઈશ્વર સાથે સંબંધ રાખો, બાહ્ય વાતાવરણની અસર ન પડવા દો, બધા ઋષિઓ, રહસ્યવાદીઓ દ્રષ્ટાઓએ આ મહાન ઉદાહરણ આપણી સમક્ષ રાખ્યું છે. જો તમે ઓળખી શકો તો ગુરુદેવનો આ આશ્રમ તમારી જાતને આધ્યાત્મિક ધન્યતાની સર્વોચ્ચ સ્થિતિએ ઊંચકી લઈ જવા માટે પૂરતી, જોઈએ તેટલી તક આપે છે.

તમારા સદ્‌ભાગ્યને તમે ઓળખી શકો તે માટે ઈશ્વર તમારા પર કૃપા કરે. તમારી જે અઢળક સંપત્તિ અને ભંડાર પડ્યા છે તેને ઓળખવાનું ભગવાન તમને વરદાન આપે. આ સ્પષ્ટ સમજણથી, તમારા પોતાના બળથી જ તમે જાતને ઉત્કૃષ્ટ કરો. આધ્યાત્મિક પરિપૂર્ણતા અને પવિત્રતાની ઉચ્ચોચ્ચ ટોચ પર પહોંચો અને મુક્તિ, શાંતિ અને આનંદની પરમ ધન્યતા હમણાં જ અહીં જ આ જીવનમાં જ, આ સ્થળે જ પામો !

□ 'મુક્તિપથ'માંથી સાભાર

પ્રેમ એ જ ઈશ્વર-૨

શ્રી સ્વામી વ્યંકટેશાનંદજી

જ્યારે તેઓ તેમના જન્મ સ્થળ પટ્ટામડાઈ ગામ છોડ્યા પછી ફરી અર્ધી સદી બાદ ગયા ત્યારે પણ તેમનું ખૂબ જ માન આપીને સન્માન થયું. જાણે આ કહેવતને ખોટી પડતી લોકો જોઈ રહ્યા : 'પયગંબરનું કદી પણ પોતાના વતનના ગામમાં સન્માન થયું નથી', તેઓનું તેમના ગામમાં જ સન્માન થયું, એટલું જ નહીં, આજે પણ ત્યાં તેઓની પૂજા થાય છે. પટ્ટામડાઈમાં એક મંચ પર ઊભા રહીને તેઓએ કહ્યું, 'હું અહીં જન્મ્યો હતો. હું માત્ર તમારામાંનો જ એક ગામવાસી છું' તેમનામાં આ મિત્રતા અને લાગણી હતાં. એવું કોઈ જ ઘમંડી વર્તન નહીં કે 'હું મહાન સંત છું અને તમે માત્ર એક સામાન્ય ગૃહસ્થી છો.' તેઓના જીવનમાં કોઈએ કદી પણ આવું વર્તન નિહાળ્યું નથી. તેઓ જ્યારે જેવા સંજોગો કે પરિસ્થિતિ આવે તેમાં ઓતપ્રોત થઈ જતા. જો તેઓ બાળકો સાથે રમતા હોય તો બાળક થઈ જતા. તેઓ તેમના શિષ્યોને પણ કદી શિષ્ય તરીકે ગણતા નહીં. તેમને નમન કરીએ તે પહેલાં જ તેઓ હાથ જોડીને કહેતા, 'જય ભગવાન, તમો કેમ છો ?' આ શબ્દો પ્રેમાળ મધઝરતા લાગતા. એ માત્ર શબ્દો જ નહોતા. શબ્દોનો તો આપણે સહુ ઉપયોગ કરી શકીએ પરંતુ એ શબ્દોની પાછળ રહેલી ભાવના ખૂબ જ સુંદર હતી. એક વખત ગુરુદેવ ટાઈફોઈડને લીધે પથારીવશ હતા. પંદર કે સોળમા દિવસે જ્યારે તેમની તબિયત તદ્દન કથળી ગઈ હતી ત્યારે દરરોજના નિયમ મુજબ કૃષ્ણાનંદ સ્વામી પોતે શું મદદરૂપ થઈ શકશે તે જાણવા આવ્યા. જેવો તેમણે ઓરડામાં પ્રવેશ કર્યો કે તુર્ત જ ગુરુદેવે કહ્યું, 'ૐ... જય ભગવાન ! કૃષ્ણાનંદજી મહારાજ ! તમારી તબિયત કેમ છે ?' જ્યારે ગુરુ પ્રથમ સવાલ કરે ત્યારે તમારે ઉત્તર આપવો જોઈએ. કૃષ્ણાનંદજી જવાબ આપવા જતા હતા, 'જી, સ્વામીજી ! હું કુશળ છું.' ખરેખર ગુરુદેવ બીમાર હતા અને મંત્રી તેમની ખબર પૂછવા ગયા હતા. પરંતુ પાંચ મિનિટ સુધી તો તેઓ જ કૃષ્ણાનંદજીની તબિયત વિશે પૂછતા હતા ! આ બધામાં તેઓની સંપૂર્ણ નૈસર્ગિકતા, પ્રમાણિકતા, નિખાલસતા અને પવિત્રતા સમાયેલી હતી.

એ જ અરસામાં એક દિવસ તેમને ખુલ્લી હવા લેવાની તથા ગંગાજી અને હિમાલયનું દર્શન કરવાની ઈચ્છા થઈ તેથી તેઓ બહાર ગયા. તેઓ લાકડીના ટેકે ધ્રૂજતા ઊભા હતા. તેઓએ એક ઝાલ માતાજી નામનાં વૃદ્ધ પારસી બાનુને જોયાં તે ગંગાકિનારે બેઠાં હતાં. સ્વામીજીએ કહ્યું 'તેણીને પૂછો કે ત્યાં ઘણી ગરમી છે, તે ત્યાં શા માટે બેઠાં છે ? તેને પૂછો કે તેણીએ ભોજન કર્યું છે ? તેણીને કંઈક ખાવાનું આપો.' મને નથી લાગતું કે જ્યારે ખુદ તમારી શક્તિ એટલી બધી ક્ષીણ થઈ ગઈ હોય, તમારી તબિયત અને જીવન ખુદ ડૂબવા લાગ્યાં હોય અને તમે પોતે જ અધમૂઆ જેવા થઈ ગયા હો ત્યારે અન્ય માટે આટલો ખ્યાલ કરી શકો. એક બાજુ બેઠેલી એક વૃદ્ધ સ્ત્રીને માટે આટલી ચિંતા પ્રગટ કરનાર આ પ્રેમ કયું તત્ત્વ છે ? આજે, ભરપેટ ભોજન કરીને અહીં બેસીને વિચારવાથી કદાચ એનો તાગ નહીં મળે, પરંતુ તત્કાલીન પરિસ્થિતિમાં આવી શારીરિક સ્થિતિમાં મૂકાયેલ માણસ બીજાના શ્રેય અને આરામ વિશે વિચારી શકે એ વાત ખરેખર હચમચાવી મૂકે તેવી હતી.

તેઓનો આવો પ્રેમ હતો. આ એ જ પ્રેમ છે કે જેણે આશ્રમનું રૂપ ધર્યું છે એ એક જ પ્રેમ કે જે સ્વામી ચિદાનંદજી, સ્વામી કૃષ્ણાનંદજી અને સ્વામી માધવાનંદજી જેવા આ આશ્રમના ભાવિના મદારરૂપ મહાન સ્વામીજીઓ દ્વારા મુખરિત થાય છે. એ સહુમાંથી આ પ્રેમ વહે છે. આ એ જ પ્રેમ છે જે આપણું રક્ષણ કરે છે અને આપણને દોરવણી આપે છે. પણ એ પ્રેમ લાગણીપ્રધાનપણું નથી. મને ખ્યાલ નથી કે હું લાગણીપ્રધાનતા વિશેની મારી સમજણ વિશે તમને માહિતગાર કરી શકીશ કે નહીં. 'સેન્ટિમેન્ટલ' (centimental) એ 'સેન્ટિમીટર' જેવું છે. જેમ એક સેન્ટિમીટર એ એક મીટરનો એકસોમો ભાગ છે. તેવી જ રીતે 'સેન્ટિમેન્ટલ' એ તમારા મનનો એકસોમો ભાગ છે ! જ્યારે તમે કોઈ વસ્તુ પરત્વે તમારા મનનો એકસોમા ભાગ જેટલું જ ધ્યાન આપો ત્યારે તમે 'CSENTIMENTAL' (લાગણીપ્રધાન) ગણાવ. સ્વામીજી કદી પણ આવી અપૂર્ણતાને તાબે થતા નહીં. તેઓ પૂરેપૂરી રીતે સંપૂર્ણ હતા તેથી લાગણીપ્રધાનતાને અવકાશ નહોતો. માત્ર તેમનાં મન, હૃદય અને આત્મા

જ નહીં, પરંતુ તેમનાં પ્રત્યેક કાર્યમાં, પ્રત્યેક વિચારમાં, વાણી અને વર્તનમાં તેમનું સંપૂર્ણ વ્યક્તિત્વ છવાયેલું હતું. તેઓ હૃદયથી અને આત્માથી પૂર્ણ હતા.

એમનું સંપૂર્ણ અસ્તિત્વ નિરંતર સમગ્રતા, ઈશ્વર સાથે એવી રીતે તાલ મિલાવતું કે જ્યારે પણ તેઓ કઠોર થતા જણાય તો પણ તે તમારા તરફના પ્રેમને કારણે જ હોય, ક્યારેય પણ જો તેઓને કોઈ શિષ્યને સત્કર્મ કરવા ચેતવણી આપવી પડે તો તે એટલા માટે જ હોય કે એ શિષ્ય તેઓનું જ એક અવિભાજ્ય અંગ હોય. જેમ અંતર વધુ તેમ તેઓ વધુ સ્નેહ દાખવતા. જ્યારે કોઈ તેમનાથી વધુ નજીક સંપર્કમાં આવે ત્યારે જ તેઓ પોતાના સાધનોને તે ઘસીને ઓપ આપતા. ત્યારે જ તેઓ થોડા કઠોર થતા, અને તે પણ ભાગ્યે જ. પરંતુ કદાચ આવો પ્રસંગ બને તો પણ તે તેઓના અસીમ પ્રેમને કારણે જ હશે, તેમ જણાઈ આવતું. મને આનું નિરીક્ષણ કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું હતું. એક વખત જ્યારે એક અનુયાયીએ કંઈ ભૂલ કરેલી તેને યુક્તિપૂર્વક સમજાવતાં તેઓએ કહ્યું, 'હું આ બાબત અંગે છેલ્લા ત્રણ દિવસથી વિચારતો હતો. હું ત્રણ દિવસથી ઊંઘ્યો પણ નથી.' અમે સહુ તો એ વખતે નાનકડા બાળક જેવા હતા. સંત પુરુષના એકાદ સદ્વિચારની તોલે પણ ન આવી શકીએ તેવા. બીજા કોઈ હોય તો તેણે એ સાધકને સીધા જ પકડી લઈને કહ્યું હોત, 'આ પ્રમાણે કરો નહીં' પણ ના, એમ કહેવાથી કદાચ તેની લાગણી દુભાય. તેથી કદાચ આવી (કઠોર) વાત કહેવી પડે તેમ હોય ત્યારે તેઓ તે કહેવા માટે થાય તેટલો વધુ વિલંબ કરતા તેઓ એ બાબત પર વિચાર કરતા, તેનું મનન કરતા અને તે પરિસ્થિતિ ટળી જશે એવી આશાથી જતું કરતા. એમ વિચારીને, કે સામો માણસ કદાચ જાગૃત થઈ જશે અને પોતાની ભૂલ સમજશે. જો કંઈ જ અસર ન થાય, તો પછી તેઓ એકાદ શબ્દ કહેતા અને પછી તેને ફળ અને મધ આપીને ખુશ કરતા. આવો અદ્ભુત હતો એમનો પ્રેમ. આ પ્રેમ માનવીય નહીં પણ કંઈક દૈવી તત્ત્વ છે, પછી ભલે તેમાં બધાં જ માનવીય લક્ષણો છે. તેઓ લાગણીશીલ હતા, અને લગભગ હંમેશાં અમારા ભૌતિક શ્રેય માટે ઊંડો અને અત્યંત રસ ધરાવતા હતા.

પ્રસાદ વહેંચવાનું કાર્ય તેમને ખૂબ જ આનંદ આપતું. ૧૯૪૭માં સ્વામીજીના જન્મદિનનો હીરક મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. મને યાદ નથી કે કયા કારણે એમ થયું, પરંતુ ઘણા લાડુ વધ્યા હતા. તેમના જન્મદિન તથા તેની આગળ-પાછળના દિવસે પણ લગભગ ત્રણથી ચાર હજાર માણસો પેટ ભરીને જમ્યા. આ બધા લોકોને લાડુ જમાડ્યા પછી પણ પોસ્ટ ઓફિસની લાઈન નીચેનો એક અર્ધો ઓરડો ભરીને લાડુ વધ્યા. ભોંયતળિયેથી છેક છત સુધી લાડુ પડ્યા હતા. ત્યાર પછીના દિવસોમાં (એટલે કે ૧૦મી સપ્ટેમ્બરથી શરૂ કરીને આશરે ૧૦ દિવસ સુધી) તેઓ પરમ સુખમાં-સોળમા સ્વર્ગમાં હતા ! જે કોઈપણ જાય તેને બંને હાથમાં સમાય તેટલા લાડુ આપવામાં આવતા હતા. તેઓને ભોજન, ફળો અને પ્રસાદ વહેંચવા કરતાં બીજા કશામાં વધુ આનંદ મળતો નહીં.

એ દિવસોમાં અમે આશ્રમમાં આશરે ત્રીસેક જણા હતા. જ્યારે મુલાકાતીઓની સંખ્યા વધુ હોય ત્યારે ભોજન કરવા માટે અમે પોસ્ટ ઓફિસના વરંડામાં બેસતા અને જો મુલાકાતીઓ વધારે ન હોય તો અમે રસોડામાં બેસીને ભોજન કરતા. એક દિવસ સ્વામીજી ત્યાં રાખેલ એક સિમેન્ટના બાંકડા પર બેઠા હતા. તેમણે કહ્યું, 'તમે માનો છો કે આશ્રમ નાનકડો છે. તમે એક દિવસ જોશો કે ભોજન માટેની કતાર આશ્રમથી લક્ષ્મણઝૂલા સુધી લાંબી થશે.' (જો તમે આજે જેટલાં માણસોને ભોજન આપવામાં આવે છે તે બધાની સંખ્યા ગણશો તો એની હાર કરવામાં આવે તો તે અવશ્ય લક્ષ્મણઝૂલા સુધી પહોંચવાની). તે જ દિવસે તેમણે કહ્યું, 'તમને એમ લાગે છે કે આપણે એક યા બીજી આર્થિક વિટંબણામાંથી પસાર થઈ રહ્યા છીએ.' (દર છ મહિને અમારે આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો. કાં તો અમે દેવાળિયા થઈ જતા, અથવા તો અમે દેવું ચૂકવવા અશક્તિમાન થઈ જતા કે ખાવાનાં સાંસા પડતા), 'પૈસા આવશે-એટલા પૈસાનો વરસાદ થશે કે તમને તે ગણવાનો સમય નહીં રહે.' તેઓ જે કહેતા એ ખરેખર હકીકત બની ગઈ. શા માટે ? તેઓને તો કશું જ જોઈતું નહોતું, તેઓએ કદી કોઈ ચીજ માટે માગણી પણ કરી નહોતી. આશ્રમનો વિકાસ થયા પછી પણ તેઓ તો ગંગા કિનારાની એ નિર્માલ્ય કુટિરમાં જ રહેતા હતા. એ જગ્યા ખૂબ જ અનારોગ્યપ્રદ, ભેજવાળી, ઠંડી, અંધારી અને

(અનુસંધાન પાના નં.૧૭ ઉપર)

મનાચે શ્લોક - મનોબોધ

શ્રી સ્વામી અધ્યાત્માનંદજી

શ્રીરામકૃષ્ણ પરમહંસદેવ વારંવાર એક ઉદાહરણ કહેતા કે એક ઉકરડાની માખી પુષ્પોના ઉદ્યાનમાં આવી ત્રણ દિવસ રહ્યા પછી પણ તેણે પુષ્પોની સુગંધ માણી નહીં. ઉદ્યાનની માખીએ ઉકરડાની માખીને કહ્યું, 'દેખાડ તારું નાક !' તે માખીના નાકમાં ઉકરડો ભર્યો હતો, તેને પકડીને પાણીમાં ડૂબાડી બેચાર વખત છીંકો ખવડાવીને નાક સાફ કરાવ્યું... બસ ! અહાહા ! આ શું ? અદ્ભુત ચમત્કાર. બધું મઘમઘી ગયું.

આવું જ મીઠાંની વખારમાં રહેતી કીડી જો તેના મોઢાંમાંથી મીઠું ન કાઢે તો તેને ખાંડનો સ્વાદ ન આવે.

માછલી વેચવાવાળીને ફૂલોના ઢગલાઓ વચ્ચે ઊંઘ ન આવે, તેને ઊંઘ માટે માછલીની જ વાસ જોઈએ.

આ બધી વાતો વેદના ભરેલી છે. જ્યાં વ્યક્તિની મતિ ગતિ મૂઢ હોય ત્યાં તેના ચિત્તને રામરસનો સ્વાદ ક્યાંથી આવે. દુર્યોધન શ્રીકૃષ્ણને ન ઓળખી શક્યો. સુબાહુ અને રાવણ તથા મેઘનાદની સ્થિતિ પણ તેવી

અતિ મૂઢ ત્યા દઢ બુદ્ધી અસેના
અતિ કામ ત્યા રામ ચિતી વસેના ।
અતિ લોભ ત્યા ક્ષોભ હોઈભ જાણા
અતિ વિષયી સર્વદા દૈન્યવાણા ॥૬૪॥

પરંતુ શું થાય છે ? મોહવ્યાપ્ત વ્યક્તિ અતિ મૂઢ હોવાથી તેને આત્મબુદ્ધિ દઢ રહેતી નથી અને તેથી જ તે આત્મસુખ છોડીને કામમાં લાગે છે. અતિ કામ હોય ત્યાં રામનો વાસ હોતો નથી અને અતિ લોભ હોય ત્યાં શાંતિ હોતી નથી, તેમ જ અતિ વિષયી હોય ત્યાંથી દારિદ્રયનો વાસ ટળતો જ નથી.

માનવ પૂર્વનો હોય કે પશ્ચિમનો માનવે સદા શાંતિ અને ઉત્કર્ષ તથા અભ્યુદયની કામના જ કરેલી છે. છતાં તેના જીવનમાં શાંતિને બદલે અશાંતિ અને અભ્યુદયને બદલે અધોગતિ આવવાનાં કારણ બાહ્ય જગતમાં નથી. માનવ માત્ર પોતે જ પોતાના સ્વભાવ અને સ્વકીય વૃત્તિઓને કારણે સુખ અને દુઃખની પ્રાપ્તિ જ હતી. દુર્ગા સપ્તશતિના એક પાત્ર રાજા સુરથને દુર્ગાદેવીનાં દર્શન થયાં ત્યાં તેણે ફરીથી પોતાનું રાજ્ય, રાણી ધન સંપત્તિ માગ્યાં.

જીવન સાધનાના ક્ષેત્રે વસેલા અવરોધોને ગીતાએ કહ્યું,

ત્રિવિધં નરકસ્યેદં દ્વારં નાશનમાત્મનઃ ।
કામઃ ક્રોધસ્તથા લોભસ્તસ્માદેતત્ત્રયં ત્યજેત્ ॥
(ગીતા : ૧૬:૨૧)

દુઃખી થવાનાં પ્રમુખ ત્રણ કારણ છે. કામ ક્રોધ અને લોભ. કામ એટલે ઈચ્છાઓ, તૃષ્ણાઓ, વાસનાઓ કે હવસ. જ્યારે આવી અસત્ ઈચ્છાઓની પૂર્તિ ન થાય અને અહં ઘવાય ત્યારે ક્રોધ ઉપજે.

વિષયોની ચિંતાથી જ કુસંગ થાય છે અને કુસંગથી જ કામ ક્રોધ અને સંમોહન, સ્મૃતિવિભ્રમ થાય છે. સ્મૃતિભ્રંશથી જ બુદ્ધિનાશ અને બુદ્ધિનાશથી જ સર્વનાશ થાય છે. (ગીતા : ૨:૬૨-૬૩)

માટે જ રામદાસજી કહે છે :

અતિ મૂઢ ત્યાં સ્થિર બુદ્ધિ નહિ રે,
અતિ કામ ત્યાં રામ ચિત્તે નહિ રહે;
અતિ લોભ ત્યાં ક્ષોભ થાશે પ્રમાણ
અતિ વિષયે સર્વદા દૈન્ય જાણ ॥૬૪॥

કરે છે. આપણા જીવનો અભિગમ કેવો છે ? તે વિષય સંબંધી જાગૃતિ કેળવવી પડે. આપણાં જીવનનું લક્ષ્ય એક માત્ર રામ જ હોય તો ક્રમશઃ આપણે રામપથે વિચરણ કરી શ્રીરામની પ્રાપ્તિ કરી જ શકીએ તે અકાટ્ય સત્ય છે.

શ્રીરામકથામાં રાવણ, કુંભકર્ણ, મેઘનાદ અને તાડકાવધની કથા છે, જ્યારે સમગ્ર પાપનું મૂળ 'મંથરા'ના મૃત્યુ કે નાશની વાત ક્યાંય પણ આવતી નથી. આ મંથરા જ લોભ છે. જે અંતઃપુરની નારી છે. તે લોભનું મૂર્ત સ્વરૂપ છે. તેના મનમાં એવી ભ્રાન્તિ છે કે, 'જો ભરત રાજા થાય, તો તે પોતાની માતાને પૂછ્યા વગર કંઈ જ નહીં કરે, અને ભરતની માતા કૈકેયી મને-

મંથરાને પૂછ્યા વગર કોઈ નિર્ણય નહીં લે... આમ Virtually I will be the ruler આમ 'અવધનરેશી' હું થઈને રહીશ... કેટલી મોટી કન્સ્પિરસિ-ષડયંત્ર !

સુખ અને દુઃખના તાણાવાણાઓ વચ્ચેથી સમૂળગા વિનાશનું કારણ, પાયાનું પ્રમુખ કારણ લોભ જ છે. જ્યાં લોભ હોય ત્યાં શાંતિ કદીયે સંભવી ન શકે અને જેવું લોભનું છે તેવું જ વિષય લોલુપતાનું છે. આ વિષય એટલે કામભોગ. ઐન્દ્રિયજન્ય આકાંક્ષાઓ. પછી તે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ કે ગંધ... કોઈ પણ પક્ષે વિષયાવૃત મન સદૈવ દુઃખનું જ ભોગ બને છે.

યે હિ સંસ્વર્જજા ભોગા દુઃખયોનય એવ તે ।
આદ્યન્તવન્તઃ કૌન્તેય ન તેષુ રમતે બુધઃ ॥ (ગીતા : ૫:૨૨)

આપણે ભોગ ભોગવતા નથી, ભોગો જ આપણને ભોગવી નાખે છે. માણસ દારૂ પીતો નથી દારૂ જ માણસને પી જાય છે. માટે જ રામદાસજી કહે છે કે, વિષયો વધતાંની સાથે જ અશાંતિ અજંપો વધશે અને દરિદ્રતા આવશે.

આ તમામ દુવિધાઓમાંથી મુક્તિનો એક જ માત્ર માર્ગ છે કે હે મન ! શ્રીરામની શરણમાં જા.

નકો દૈન્યવાણે જિણે ભક્તિ ઊણે
અતી મૂર્ખ ત્યા સર્વદા દુઃખ દૂણે ।
ધરીં રે મના આદરેં પ્રીતિ રામીં
નકો વાસના હેમધામી વિરામીં ॥૬૫॥

ન કો દૈન્યનું જીવવું ભક્તિ હીણ,
અતિ મૂર્ખ ત્યાં બેવડું દુઃખ નિત્ય;
કરી લે પ્રીતિ રામમાં મનભાવે,
ન હો વાસના હેમધામે વિરામે ॥૬૫॥

ભક્તિ સિવાયનું દીનના જેવું જીવતર ન હશો. અતિ મૂર્ખને વિષયાસક્તિને કારણે બમણું દુઃખ જ ભોગવવું પડે છે; તેથી હે મન ! વિરામે-રામરહિત હેમ અને ધામમાં પ્રીતિ ન કરતાં શ્રીરામમાં આદરપૂર્વક પ્રીતિ કર.

વિષયાસક્તિ દુઃખ, દરિદ્રતા અને યાતના જ આપી શકે. માટે આસક્તિ પ્રભુમાં ધરાવવી. આસક્તિ શ્રીગુરુચરણમાં રાખવી. આસક્તિ સંતોની, ગરીબો, દીન દુઃખીઓની સેવામાં દાખવવી. આસક્તિ આંતર મનોમંથન, આત્મઉત્કર્ષમાં રાખવી.

જ્યાં સુધી શરીર છે, પ્રાણ છે ત્યાં સુધી મન રહેશે જ. અને જ્યાં સુધી મનોનાશ, વાસનાક્ષય ન થાય ત્યાં સુધી મોક્ષ સંભવ નથી.

મોક્ષ એટલે વિચારો, વાસનાઓ અને કામનાથી મુક્તિ. જેટલો જપ વધશે, તેટલી ભક્તિ વધશે. જેટલી ભક્તિ વધશે, તેટલી આસક્તિ ઘટશે. જેમ જેમ નિઃસ્પૃહ થતું જવાશે, તેમ તેમ આત્માના આનંદની અનુભૂતિ થશે. જ્યારે એક વાર આત્માના આનંદનો આસ્વાદ માણ્યો, પછી બસ કોઈ રાગદ્વેષ, કામ ક્રોધ નહીં, બસ શેષ રહેશે, રામપ્રેમ, પ્રભુપ્રેમ, અંદરનો આનંદ, પરમ આનંદ, અધ્યાત્મ આનંદ. ૐ શાંતિ.

આગામી કાર્યક્રમો

(૧) શ્રી ગીતા જયંતી : તા.૧૭-૧૨-૨૦૧૦, શુક્રવારના રોજ સામૂહિક શ્રીમદ્ ભગવદ્ ગીતા પારાયણ સાંજે ૪-૩૦થી ૭-૦૦ કલાકે.

(૨) શ્રી દત્તાત્રેય જયંતી : તા.૨૦-૧૨-૨૦૧૦, સોમવારના રોજ શ્રી દત્તયજ્ઞ સવારે ૭-૦૦ કલાકે, શ્રી દત્તબાવની પારાયણ અને પ્રસાદ.

(૩) યોગાસન શિબિર : તા.૧૩થી તા.૨૨ ડિસેમ્બર, ૨૦૧૦ દરરોજ સવારે ૫-૩૦થી ૭-૦૦ કલાકે. આ શિબિરમાં ધ્યાન, પ્રાણાયામ, યોગાસનો અને સૂક્ષ્મ વ્યાયામ શીખવવામાં આવશે.

(૪) વેદાંત જ્ઞાનવર્ધક શિબિર : ૧લી જાન્યુઆરી, ૨૦૧૧થી ૩૧ જાન્યુઆરી સુધી (સમગ્ર મહિનો)

(૫) શ્રી દુઃખભંજન હનુમાનજી મંદિરનો સાતમો પાટોત્સવ : તા.૨૬ જાન્યુઆરી ૨૦૧૧, બુધવારના રોજ પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજની નિશ્રામાં પ્રજાસત્તાકદિને ધ્વજવંદન સવારે ૭-૦૦ કલાકે, શ્રી મારુતિયજ્ઞ સવારે ૮ થી ૧૨ કલાકે તથા મહાપ્રસાદ બપોરે ૧૨ કલાકે. શ્રી અજયભાઈ યાજ્ઞિકના સુમધુર કંઠે સંગીતમય શ્રી સુંદરકાંડ પારાયણ સાંજે ૭-૩૦ થી ૧૦-૩૦. શ્રી અશ્વિનભાઈ પાઠકનો સંગીતમય સુંદરકાંડ પારાયણ તા.૩૧-૧-૨૦૧૦ના રોજ સાંજે ૭-૩૦ થી ૧૦-૩૦.

શિવાનંદ કથામૃત

[ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજને આનંદ કુટિર હૃષીકેશમાં મળવા માટે અનેક આગંતુકો, મુલાકાતીઓ અને ભક્તો આવતા. તેઓ ગુરુદેવને વિવિધ વિષયો પર અનેક પ્રકારના પ્રશ્નો પૂછતા. ગુરુદેવ તેનો યોગ્ય જવાબ આપતા. આ પ્રશ્નો તથા તેના જવાબ ગુરુદેવની સાથે રહેતા સંન્યાસી શિષ્યો ચીવટપૂર્વક નોંધી લેતા. આ નોંધ એટલે શિવાનંદ કથામૃત. તેમાં ઘણી વ્યક્તિઓનો ફાળો છે. મુખ્ય ફાળો સ્વામી વ્યંકટેશાનંદનો છે. આ ઉપરાંત સ્વામી શિવાનંદ હૃદયાનંદ, સ્વામી ચૈતન્યાનંદ, સ્વામી સંતાનંદ, સ્વામી ગુરુશરણાનંદ, સ્વામી પરમાનંદ તથા બીજાઓએ સેવા આપી હતી.]



અંતર્નાદ

મેં અંદરથી નાદ સાંભળ્યો : ''શિવ, જાગ્રત થા !
અને તારા જીવનના પાત્રને આ અમૃતથી ભરી દે;
તેને બધાની સાથે વહેંચ,
હું તને તે માટે બળ, શક્તિ, સામર્થ્ય અને જ્ઞાન આપીશ.''
હું તેના આદેશને અનુસર્યો;
તેણે પાત્રને ભરી જ દીધું;
અને મેં તે બધાંને વહેંચ્યું. - શિવાનંદ

કથાનક-૮ (i)

આશ્રમમાં પ્રવેશ બાબત

'નારાયણ સ્વામીજી, આજે દક્ષિણ ભારતમાંથી એક સંન્યાસી આવ્યો છે. તેને સિમેન્ટ કામની ખૂબ જાણકારી હોય તેમ લાગે છે. તેણે એક સાધુ પાસેથી બ્રહ્મચર્યપાલનની દીક્ષા લીધી છે. આમ તો તે શિષ્ટ યુવાન માણસ લાગે છે. તેને અહીં રહેવા દઈએ છીએ. મેં તેને કહ્યું છે કે તેણે આશ્રમનું કામ કરવું પડશે અને તેણે તરત જ હા પાડી છે.'

કેટલાંક કારણસર એવું નક્કી કરવામાં આવ્યું હતું કે આશ્રમમાં જિજ્ઞાસુઓને પ્રવેશ આપવાનું મર્યાદિત કરવું. એટલે જ્યારે ગુરુદેવે આ સૂચના આપી ત્યારે હાજર રહેલાં બધાં આશ્રમ કમિટી બ્રહ્મચારીને દાખલ ન પણ કરે એમ વિચારી અસ્વસ્થ થયાં.

ગુરુદેવને તેમની લાગણીનો ખ્યાલ આવી ગયો અને કહ્યું : 'તમે જિજ્ઞાસુને પહેલી નજરે જોઈને તે સારો કે ખરાબ હશે તે કહી શકો નહિ. પરમાનંદજી આ જ રીતે આવ્યા હતા અને પાછળથી તેઓ કાર્યશીલ નિષ્કામ કાર્યકર સાબિત થયા. બીજા કેટલાક આવ્યા અને આશ્રમ છોડી પણ દીધો કારણ કે તેમનામાં કામ કરવા માટેની ખંત કે આધ્યાત્મિક પથને અનુસરવાની આકાંક્ષાનો અભાવ હતો. મારી કાર્યપદ્ધતિ હંમેશાં આ પ્રમાણેની છે.

બધાને માટે આશ્રમનાં દ્વાર ખુલ્લાં રાખવાં. જે લાયક નહિ હોય તેઓ પોતાની મેળે જતા રહેશે અથવા આશ્રમમાંથી એક અથવા બીજા તેમને કાઢી મૂકશે.

છૂપો અહંકાર

'ઓમ્ નમો નારાયણાય, માસ્ટરજી મહારાજ વેદાંતની તમે કોઈ નોંધ લખી લેતા નથી ? કદાચ એવું બને કે તમે આ બધું જાણતા હો.'

શિવનારાયણે તેમનો પક્ષ લેતાં કહ્યું : 'સ્વામીજી, તેઓ વેદાંત અને ગીતાના વિદ્વાન છે.'

'તો આવો, મને 'ષડ્ લિંગો' શું છે તે કહો ?'

શ્રી સ્વામી કૃષ્ણાનંદજીએ આ સવારે જ વેદાંતના વર્ગમાં તેની સમજણ આપી હતી.

મૌન.

ગુરુદેવે કહ્યું : 'તો આમ છે ! તમે વેદાંતનાં સત્યોને જાણતા હો છતાં તમને જે કંઈ કહેવામાં આવે પછી તે ફક્ત પરિભાષા હોય તો પણ તમારે તેની નોંધ કરવી જોઈએ. બધા જ વિચાર, કલ્પના અને ભણવાના પાઠ ઉપયોગી છે.'

'સ્વામીજી, કાલથી હું તે પ્રમાણે કરીશ.'

'આજથી કેમ નહિ ? મને લાગે છે કે થોડોક અહંકાર 'હું શિક્ષક છું. જૂનો અને વિદ્વાન હોવાથી હવે વિદ્યાર્થી થઈ શકું નહિ' એવી લાગણી મનમાં હશે. બરાબર કહું છું ?'

'ના, સ્વામીજી, મને મુખ્યત્વે ભક્તિમાં રસ છે. વેદાંતના મૌખિક જ્ઞાનનો ઉપયોગ હું કરી શકું નહિ. તેને મેળવવામાં ખાસ રસ નથી.'

'ના, ના, આ તો મનની એક યુક્તિ માત્ર છે. જો તમે પૃચ્છાની સર્ચલાઈટથી અંદર જોશો તો તમને ચોર જડી જશે. નહિતર, મન તમને સદા છેતરતું રહેશે. તમારે તેને ઉપર ઉપરથી જોવું ન જોઈએ. તમે વિગતોમાં ઊંડે ડૂબકી મારવાની ફિકર કરતા નથી. તમે ફક્ત ઉપરની સપાટીને જ સ્પર્શો છો. જો તમે વધુ ને વધુ ઊંડા જઈ મનનું બારીકાઈથી વિશ્લેષણ કરશો તો તમને તેના અહંકારને જાળવી રાખવા માટેનું બહારનું ગેરમાર્ગે દોરનારું એક આવરણ માત્ર જણાશે. આને નોંધ ન લેવાના પ્રમાણભૂત કારણ જેવું દેખાતું બતાવાશે.'

ગુરુદેવનો વૈરાગ્ય

ગુરુદેવના ટેબલ પર એક પત્ર હતો. યુરોપના એક પ્રખ્યાત યોગીએ ગુરુદેવને તેમને ભારતમાં આવવા માટે પત્ર લખવા માટે વિનંતી કરી હતી. પાસપોર્ટ મેળવવા માટે તેની જરૂર હતી.

એક દેશથી બીજા દેશ પ્લેનમાં ઊડતા આ કહેવાતા સંતો પોતાની જાત માટે કેવો મોટો દેખાવ કરે છે ? તેઓ જ્યાં જ્યાં જાય ત્યાં પાર્ટીઓ, સત્કાર સમારંભ અને પાછી વિદાય પાર્ટીઓ યોજાયા જ કરે ?'

'હા, સ્વામીજી, તમે આવા ભવ્ય સુખચેનવાળા સમારંભો જોયા છે.' એક શિષ્યે કહ્યું.

'તેમાંના કેટલાકને અનન્ય માનથી સત્કારવા જોઈએ. સ્વાગત-દ્વારને ધ્વજો અને ફૂલ, પાનનાં તોરણોને બદલે જૂનાં પગરખાં અને સાવરણીઓથી શણગારી તેમને સત્કારવા જોઈએ.'

શ્રીમતી લીલિયન રામનને ગુરુદેવે કરેલા વિનોદથી મજા પડવા લાગી.

ગુરુદેવે તેમની તરફ ફરીને કહ્યું : 'તમે શું કહો છો ? તમને આવો સત્કાર સમારંભ કેવો લાગે ? મને ખાતરી છે કે આવું બને તો તમે ખૂબ અસ્વસ્થ થઈ જાઓ, તમને આઘાત લાગે, ખરું ને ?'

'સ્વામીજી, હું તે ખાતરીપૂર્વક કહી શકું નહિ. મેં તેવો પ્રયત્ન કર્યો નથી.'

'આપણે આવી વસ્તુ ખરેખર બને તેવી રાહ જોવી જોઈએ નહિ. આપણે આપણી જાતને કેળવવી જોઈએ. મેં મારી જાત માટે એવું કર્યું છે. મેં મારી જાતને જૂતાંથી સખત રીતે ફટકારી છે. આનો ઉપયોગ, ખાસ કરીને મેં જન્મદિનોના દિવસે જ્યારે લોકોએ મારી ખૂબ પ્રશંસા કરી હોય, મારો મહિમા ગાયો હોય અને મારું પૂજન કર્યું હોય તેવા સમારંભોમાંથી મારી રૂમમાં પાછા આવ્યા પછી કર્યો છે. હું મારી રૂમમાં જતો અને મારાં બંને જૂતાંથી મારી જાતને સારી રીતે ફટકારતો. તું છે કોણ ? તું નકામું માંસ-લોહી-મળથી ભરેલું શરીર ? તારે હાર જોઈએ છે ? તું ફાટેલાં કપડાં ન પહેરી શકે ? એમ માને છે કે તું મોટું છે ? તને બધા પ્રણામ કરે તે ગમે છે ? હવે આ જૂતાંના હારને ગ્રહણ કર. દરેક જણનાં મોં પડી ગયાં ?'

ગુરુદેવ આગળ વધ્યા : 'જનકે શુકદેવની આવી રીતે જ કસોટી કરી હતી. તેઓ મોટા જ્ઞાની હતા. જ્યારે તેઓ જનક પાસે જ્ઞાનસૂચનો માટે ગયા હતા ત્યારે તેમને મહેલની બહાર ઊભા રખાયા હતા, તેમની કોઈ સંભાળ લેવામાં આવી ન હતી. તેઓ ખાધા વગર, આશ્રયસ્થાન વગર કે કોઈ જાતના માનની અપેક્ષા વગર ઊભા રહ્યા હતા. થોડાક દિવસ પછી તેમને મહેલની અંદર બોલાવવામાં આવ્યા અને મહેલની સ્ત્રીઓએ અને મહારાણીઓએ તેમની સેવા કરી. આ રીતે જનકે શુકદેવના મનની સ્વસ્થતાની કસોટી કરી. શુકદેવ આ બધી ક્ષુદ્ર કામનાઓથી પર હતા. આખા બનાવ દરમિયાન તેમણે પોતાના મનની સમતા જાળવી રાખી. જિજ્ઞાસુએ આ પ્રમાણે કરવું ઘટે.'

'મેં અસિસીના સંત ફ્રાન્સિસ વિશે એવું કહેવાતું સાંભળ્યું છે કે તેઓ પોતાના શરીરને 'ભાઈ ગધેડા' કહેતા. તેમને કેટલો પ્રચંડ વૈરાગ્ય હશે !'

'આવા પ્રસંગે કરાતું શરીરને જૂતાંથી મારવાનું કાર્ય મારે માટે પૂરતું ન હતું. મારે શરીરને આ સખત દવાનો ડોઝ અઠવાડિયામાં એક વાર તો આપવો જ જોઈએ.'

વાતચીતમાં ભાગ લેવાનું કોઈ હિંમત કરી શક્યું નહિ.

બિનશરતી દાન

'બહુ સારું, પણ આમાં કોણ ગુમાવે છે ? આપણે નહિ, પણ તે જ ભગવાનના આશીર્વાદ ગુમાવે છે.'

એક પુસ્તકના છાપવાના ખર્ચ માટે એક ભક્તને મળવાના સૂચનને ગુરુદેવે એક બાજુ મૂક્યું. ગુરુદેવને

જણાવવામાં આવ્યું હતું કે ભક્તે, આશ્રમને આપેલું દાન તરત જ તે હેતુ માટે વપરાયેલું ન હોવાથી તેમને નાખુશી વ્યક્ત કરી હતી. પરિણામે તેણે વધુ દાન આપવાનું માંડી વાળ્યું હતું.

ગુરુદેવ બોલ્યા : 'ખાસ કરીને આધ્યાત્મિક સંસ્થામાં જેના સંચાલકો વિશ્વાસપાત્ર અને માનવતાના નિષ્કામ સેવકો હોય ત્યાં દાન બિનશરતી હોવું જોઈએ. દાન આપનારે તેના કાર્યકરોને વિવિધ પ્રકારની શરતોથી બાંધવા ન જોઈએ. સંસ્થાના સંચાલકોને જ ક્યાં ફંડની વધુ જરૂર છે તેનો ખ્યાલ હોય. દાખલા તરીકે, જો જિજ્ઞાસુઓને નભાવવા માટે અમારે વધુ પૈસાની તાત્કાલિક જરૂર પડે તો અમે પ્રથમ તે માટે પૈસાને ખર્ચવાનું વિચારીએ. તે વખતે આશ્રમના જિજ્ઞાસુના નિભાવ ફંડમાં પૈસા નથી માટે તેમને ભૂખ્યા મારવા તે નિર્ણય મૂર્ખાઈ ગણાય. જો બાંધકામના ફંડમાં પૈસા હોય અને તેની તાત્કાલિક જરૂર ન હોય તો કોઈ પણ શાણો સંચાલક તેને રસોડા માટે ઉપયોગ કરશે.'

'મને પુસ્તકોના છાપકામનું કાર્ય વધુમાં વધુ ઉપયોગી લાગે. બીજાં બધાં કામને હું ગૌણ અગ્રતા આપું. આધ્યાત્મિક જ્ઞાનના વધુમાં વધુ વિશાળ પ્રમાણના પ્રસરણને હું અગ્રતા આપું. બાંધકામ, પાણીની સ્કીમ અને બીજાં કામ રાહ જોઈ શકે.'

'વિશ્વ આપણા જેવા સંઘો અને આશ્રમો તરફથી માર્ગદર્શન માટે આતુરતાથી રાહ જુએ છે. આપણે ભલે સદાવ્રતમાંથી માગીને ખાઈએ, પણ આપણે પુસ્તકોનાં અને પત્રિકાઓનાં પ્રકાશનનું કામ ચાલુ રાખવું જોઈએ. આવા બિનશરતી દાતાને ખૂબ લાભ થશે, તેણે પોતાના ધનથી વિશ્વની સેવા કરી એમ ગણાશે. જો ધનનો ઉપયોગ કેટલાક સાધુઓ કે જરૂરિયાતવાળાને ખવડાવવામાં થશે તો પણ દાતાને ઘણા આશીર્વાદ મળશે.'

'ખૂબ ઓછા લોકો આ જાણે છે પણ બેન્કરની માનસિકતા - આ પૈસો આ માટે, તે પૈસો તે માટે - ધરાવે છે. આ માનસિકતા લક્ષ્ય તરફની તેમની પ્રગતિને અવરોધે છે. તેમના હૃદયને સાંકડાં બનાવે છે અને તેમની બુદ્ધિને દૂષિત કરે છે. છેલ્લે તે તેમને મહાત્માઓની નિંદા તરફ દોરે છે અને છેવટે તેમનો પોતાનો વિનાશ થાય છે.'

'તે કોના માટે દાન કરે છે ? તે આપણા માટે તો કરતો નથી જ. આપણું કામ આગળ ધપાવવા માટે ઈશ્વર આપણને પૂરતું ભંડોળ આપી રહેશે. આ આશ્રમમાં સોનાનો વરસાદ વરસાવવાની મારી શક્તિ છે, પણ હું તેમ કરીશ નહિ. ગૃહસ્થીઓને દાન કરવાની તક આપવી જોઈએ જેથી તેઓ તેમનાં ખરાબ કર્મોમાંથી વિશુદ્ધ બને. ફક્ત દાન અને એવી બીજી પ્રક્રિયા દ્વારા જ તેમનાં હૃદય અને મન વિશુદ્ધ થઈ શકે અને તે દ્વારા વિશાળ બની વધુ પ્રગતિ કરી શકે. બધાએ આ સમજવાનું છે.'

ઉપયોગી સૂચનો

ગુરુદેવ નિઃશુલ્ક પુસ્તકો મોકલવાના કામમાં રોકાયેલા હતા. તેઓ એકદમ અટકી ગયા અને ઊંચે જોઈ કહ્યું :

'હું સવારના વર્ગ માટે ઊઠ્યો ત્યારથી થોડાંક કાવ્યો લખવાનું વિચારતો રહ્યો છું, પણ મને હજુ સમય મળ્યો નથી. હું આ કામ કરું છું છતાં મારું મન હજી કાવ્યોમાં ડૂબેલું છે. જ્યારે હું દૂધ પીતો હતો ત્યારે પણ કાવ્યના મુદ્દાઓને ગોઠવવામાં વ્યસ્ત હતો. જ્યારે તે પૂરું થશે ત્યારે જ મારા મનને નિરાંત થશે.'

ઑફિસમાં આવેલા બધા શિષ્યોને પૂછ્યું : 'તમારા મનમાં જે વિચારો આવે તેને નોંધવાની તમે નોટબુક રાખો છો ? પ્રથમ તમારે વર્ગમાં ભણતાં જે નવા મુદ્દા શીખો તેમને નોટમાં લખી લેવા જોઈએ પછી તમને સૂઝે તેવા તેના સમાન વિચારો અથવા વર્ગમાં બીજાઓએ દર્શાવેલા વિચારોમાંથી ઉદ્ભવતા વિચારોને પણ નોંધી લો. આ વિચારો બીજાઓને માટે નવા, વિલક્ષણ અને અજાણ્યા હોઈ શકે. તેમને તરત જ નોંધી લો. તમે આવી નોટબુક રાખો છો ?'

કેટલાક શિષ્યોએ હા પાડી. કેટલાકે વેદાંતિક મૌન રાખ્યું !

'તેનો એક વિશિષ્ટ લાભ છે. પહેલાં, તમે કેટલાક સારા મુદ્દાઓ સાંભળશો. પછી તમે તેના પર વિચાર કરશો. વિચાર કરતાં તમને કેટલાક નવા સારા મુદ્દા મળશે. જ્યારે તમે તેને લખી લેશો ત્યારે તે મુદ્દાઓનું વિસ્તરણ થશે પછી છેવટે તે એક ટેવ પડી જશે. પછી તમારા મનમાં હંમેશાં ઉદાત્ત વિચારો જ રહેશે. પછી મન પ્રયત્ન કર્યા છતાં નિમ્ન કક્ષાએ આવશે નહિ. આ છે વેદાંતિક શ્રવણ-મનન-નિદિધ્યાસન.'

'આ નોટની સાથે તમારે બીજી નોટ આત્મનિરીક્ષણ માટે રાખવી જોઈએ. તેનો આશય તમારામાં રહેલા નકારાત્મક ગુણોનો નાશ કરવાનો છે. એક બાજુ અનિષ્ટનો નાશ થવાથી અને બીજી બાજુ દિવ્ય વિચારો અને લાગણીઓનો જન્મ થવાથી પ્રગતિ જલદી શક્ય બને છે.'

'જ્યારે મનમાં કોઈ પણ સારો વિચાર, દા.ત., સત્યનું મહત્ત્વ આવે તો સત્યનો મહિમા અને સત્યને વરેલા મહાપુરુષોનાં જીવન વિષે મનને સ્થિર કરવું જોઈએ. તેમાં સત્યની પ્રકૃતિ, સત્યના આચરણમાં આવતાં ભયસ્થાનો તથા છેતરતી વસ્તુઓ, માર્ગની અડચણોનું નિવારણ અને તમને છેતરતા મનના સૂક્ષ્મ માર્ગો જે તમને છેતરી ખોટા માર્ગે દોરી જાય છે તેનો ઊંડો વિચાર કરવો જોઈએ. પછી તમારે ઊંડો વિચાર કરીને તમારા મનમાં અનિષ્ટ કયા સ્વરૂપમાં - સ્થૂળ રૂપમાં કે સૂક્ષ્મ રૂપમાં - સંતાઈ રહે છે તે શોધી કાઢવું જોઈએ. અને તેને ત્યાંથી હાંકી કાઢવું જોઈએ. તમને જે અનિષ્ટ વૃત્તિઓનો અનુભવ થાય તેની નોંધ કરો.'

'જો મનુષ્ય આટલું કરે તો તેને સતત આત્મનિરીક્ષણનો સરળ માર્ગ મળી રહેશે. તે સદા આંતરિક જીવનમાં જીવશે. તેના મનને પછી બહિર્મુખ થવાનો સમય જ નહિ રહે. તે બીજાનો વિચાર જ કરશે નહિ, તેને અનિષ્ટ વિચારો આવશે નહિ. કામ, ક્રોધ અને લોભનું કુદરતી મોત થશે. તેનું કોઈ ખરાબ બોલશે, તેને કોઈ દૂધ કે ખોરાક આપવાની ના પાડશે કે કોઈ તેની ટીકા કરશે તો તેને કંઈ લાગશે નહિ. આવી બધી વસ્તુઓના વિચાર માટે તેના મનને સમય હશે નહિ.'

આ પરથી ગુરુદેવ તેમને ગમતી વાત પર આવ્યા.

'અનિષ્ટને તમારા મનમાં પ્રવેશવાની કોઈ તક હોવી જોઈએ નહિ. જો કોઈ તમને દૂધ કે ખોરાક આપવાની ના પાડે તો શું થયું ? કોઈ તમને ઠપકો આપે તો શું થયું ? હંમેશાં રટણ કરો, 'હું આ શરીર નથી, હું આ મન નથી, હું તો શાશ્વત અમર આત્મા છું'.'

'અપમાન અને અન્યાય સહન કરો. જો તમને કોઈ તમારા ગાલ પર લાત મારે તો તેને મનમાં પણ લેશો નહિ, તેનો તમને ખ્યાલ પણ ન હોવો જોઈએ. આ ખૂબ મુશ્કેલ છે પણ વધુમાં વધુ મહત્ત્વનું છે. જ્યારે કોઈ તમને ગાળો આપતું હોય ત્યારે તમારું મન પૃચ્છામાં રોકાયેલું હોવું જોઈએ. થોડા જ સમયમાં તેને લાગશે 'આમ કેમ બન્યું, હું તેને વારંવાર ગાળો આપું છું, છતાં તે સહેજ પણ ખિજાતો નથી, તે વિરોધ પણ કરતો નથી ! તેનામાં એવી કોઈ વસ્તુ છે જે મારે શીખવી જોઈએ ?' પછી તે તમારા પગે પડશે અને માફી માગશે; તમે તેને જાણી લીધો છે !'

☐ - Sivananda's Gospel of
Divine Lifeમાંથી સાભાર અનુવાદ

(પ્રેમ એ જ ઈશ્વર-૨ અનુસંધાન પાના નં.૧૧ ઉપરથી ચાલુ)

કંગાળ હતી, પરંતુ તેઓને તેમાં પૂરતો સંતોષ હતો અને તેઓ ત્યાંથી ખસવા ઈચ્છતા નહોતા. ઊલટાનું, એ પરિસ્થિતિમાં રહેતા છતાં તેઓ અમારી સુખ સગવડ માટે ખૂબ ચિંતા રાખતા અને કહેતા, 'તમારી પાસે પૂરતી સંખ્યામાં ધાબળા છે ? તમારે જોઈતી બધી જ વસ્તુઓ તમારી પાસે છે ? તમારે કોટ કે ટોપી જોઈએ છે ?' દરેકના ભૌતિક શ્રેય માટેની તેમની આ કાળજી અનોખી હતી. પરંતુ આટલું જ પૂરતું નહોતું. તેઓએ અમારા સૌની આધ્યાત્મિક ઉત્ક્રાંતિ માટે આશ્રમની સ્થાપના કરી હતી. અહીંની એક-એક ઈંટ તેઓની ગૌરવગાથા કહે છે.

પ્રસાદની વહેંચણી પછી બીજા ક્રમે તેઓને આધ્યાત્મિક સાહિત્ય કે પુસ્તકોની વહેંચણીમાં ખૂબ આનંદ આવતો. વિશ્વભરમાં લોકોને વિનામૂલ્યે એ સાહિત્ય મોકલતા. દરેક પાર્સલને તેઓ હાથથી સ્પર્શ કરી આશીર્વચન કહેતા અને પાર્સલ પરનું સરનામું ચકાસતા. તેઓ હંમેશાં કહેતા, 'આ પુસ્તક લેનાર ભલે હજારો માઈલ દૂર છે, તો પણ હું પુસ્તક આ રીતે જ લેનારને સાદર મોકલું છું. 'આપવું, આપવું, આપવું અને આપવું.' એ દાન, એ અર્પણ મિથ્યા આડંબરમાંથી કે બદલાની આકાંક્ષાથી નહીં, પરંતુ આ વિશુદ્ધ દૈવી પ્રેમના ફળસ્વરૂપ હતું. તેઓના પ્રેમે સેવાનું સ્વરૂપ ધર્યું ભોજન આપવાનું, જ્ઞાન પ્રદાન કરવાનું અને સ્વયં પોતાની જાતને દરેક ક્ષેત્રે સમર્પિત કરવાનું સ્વરૂપ ધર્યું. જે દૈવી પુરુષના ચરણોમાં આપણે સહુ અત્યારે બેઠા છીએ તેમનો સ્વભાવ આટલો ઉમદા હતો.

☐ 'શિવાનંદ યોગ'માંથી સાભાર

યોગ એ જ જીવન

- શ્રી સ્વામી અધ્યાત્માનંદજી

પ્રમુખ આસનો

કર્ણપીડાસન

જો આપણે હલાસન કર્યા પછી ઘૂંટણને વાળીએ, ઘૂંટણને બંને કાનની બંને બાજુ જમીન ઉપર મૂકીએ, ત્યાર પછી બંને હાથને પગ ઉપરથી લઈને કાન સુધી લઈ જઈ માથાની બંને બાજુ કાનને બંધ કરીએ, કોણી જમીન ઉપર રહેશે, તો આ સ્થિતિને કર્ણપીડાસન કહેવામાં આવે છે.

લાભ

તેના લાભ હલાસનની માફક જ છે, પરંતુ હલાસનમાં જે લાભ મળે છે, તેનું પ્રમાણ કર્ણપીડાસનમાં વધુ સારું અને પ્રમાણમાં ખૂબ જ વધારે છે.

અહીં પણ પાછા આવતી વખતે પહેલાં હાથને જમીન ઉપર પીઠની પાછળ, એકમેકને સમાંતર રાખવા, ત્યાર પછી પગને સીધા કરી દેવા. હવે હાથ ઉપર વજન આપીને ઘૂંટણ વાળ્યા વગર ધીરે ધીરે હલાસનમાં પાછા આવ્યા હતા, તે જ પ્રમાણે પાછા આવવું. પાછા આવીને શવાસનમાં વિશ્રાંતિ કરવી.

હલાસનનો અભ્યાસ કરોડસ્તંભની કાર્યક્ષમતામાં ધરખમ વધારો કરતો હોવાથી, તેના અભ્યાસથી ઊર્જા, ચેતના, ક્ષમતા, ઓજસ, તેજસ અને પ્રજ્ઞામાં વધારો થાય છે. શરીરની કાંતિ અને મુખમંડળની આભા વધે છે. સુખદ સ્વાસ્થ્ય અને દીર્ઘ આયુષ્યના વરદાન-સ્વરૂપ હલાસનનો અભ્યાસ કરો અને ધન્ય બનો.

જે નિયમો Do's અને Don'tના સર્વાંગાસનને લાગુ પડે છે, તે બધા જ નિયમો યથાવત્ - એમના એમ જ હલાસનને પણ લાગુ પડે છે, એટલે જેમને સર્વાઈકલ સ્પોન્ડિલોસિસ હોય, કાનમાંથી પરુ વહેતું હોય, આંખોમાં હાઈ માયોપિયા હોય, દવા ગોળી લઈને પણ બ્લડપ્રેશર નિયંત્રિત ન થતું હોય, હાર્ટની કોઈ વિશેષ તકલીફ હોય, સ્ત્રીઓ ગર્ભવતી હોય કે માસિક ધર્મમાં હોય, બાળકો બાર વર્ષથી નાનાં હોય તો હલાસન કરવું નહિ.

પશ્ચિમોત્તાનાસન

રુધિરાભિસરણ અને શ્વસનતંત્ર - આ બંને પ્રક્રિયાઓ એકમેકને આધારિત છે. જ્યારે પણ ખેલકૂદના મેદાનમાં હૃદય અને ફેફસાંની કાર્યક્ષમતાની વાત થાય ત્યારે આ બંને પક્ષની વાત જ કરવી જોઈએ, કારણ કે ફેફસાંમાં જે હવા શ્વાસ વડે આવે છે, તેમાં જ રહેલો પ્રાણવાયુ ફેફસાંમાં રક્તશુદ્ધીકરણ કરી તે રક્તપ્રવાહને હૃદયના માધ્યમે શરીરનાં પ્રત્યેક અંગઉપાંગમાં સંચારિત કરે છે.



આપણે પૂર્વે હલાસનસંબંધી વાત કરી. તે પૂર્વે સર્વાંગાસન વિશે પણ વાતો કરેલી. આ અને શીર્ષાસન, એટલે કે આપણી પાસે શરીરની ચાર સ્થિતિની વાત કરી શકાય : (૧) આપણે સીધા ઊભા રહીએ, (૨) શીર્ષાસનની સ્થિતિ (૩) સર્વાંગાસનની સ્થિતિ (૪) શરીરને હળના આકારની હલાસનની સ્થિતિ.

આ ચારેય અવસ્થામાં રુધિરાભિસરણ અને બ્લડપ્રેશરની દિશા, સ્તર, એકમ અને સ્વરૂપમાં અંતર હોય જ છે. એક વાત તો સ્પષ્ટ છે કે ઊભા હોઈએ તો વધુ રક્તપ્રવાહ પગ - એન્કલ તરફ વધુ રહે, જ્યારે શીર્ષાસનની અવસ્થામાં માથાની તરફ રક્તપ્રવાહ વધુ હોય છે. જ્યારે સર્વાંગાસનની અવસ્થામાં માથાના પ્રમાણમાં ગળામાં રક્તપરિભ્રમણની ગતિ એકંદરે વધુ હોય છે. જ્યારે દીર્ઘ કાળના અભ્યાસ પછી દેશ અને વિદેશમાં એવું તાત્પર્ય અને તારણ કાઢવામાં આવ્યું કે હલાસનની અવસ્થામાં માથું, ગળું, છાતી અને એન્કલ્સ- આ ચારેય સ્થળે લોહીનો વધુમાં વધુ પુરવઠો ઉપલબ્ધ થાય છે.

આપણે હલાસનના કોઈ પણ પ્રકારનો અભ્યાસ કરીએ, આ તમામ અવસ્થામાં હેમસ્ટ્રિંગ્સ (Hamstrings)ની કસરત તો થાય જ છે. કરોડસ્તંભની

ફ્લેક્સિબિલિટી વધે છે. દરેક બે મણકા વચ્ચે લોહીનો પુરવઠો વિશિષ્ટ માત્રામાં મળતાં, કરોડસ્તંભની કાર્યક્ષમતા અને સ્થિતિસ્થાપકતા વધે છે. કરોડસ્તંભના મણકાનો આકાર એવો છે કે તેઓ જ્યારે એકબીજા ઉપર બેસે છે, ત્યારે પ્રાકૃતિક રીતે જ તેમની વચ્ચે એક પોલી નળી જેવો આકાર ઉપરથી નીચે સુધી ગ્રહણ કરે છે.

આપણા માથામાં જે ખોપરી રહેલી છે, તેની અંદરના પોલાણમાં નાનું મગજ અને મોટું મગજ તરે છે, તેમને આપણે સેરિબ્રેમ અને સેરિબેલમના નામથી ઓળખીએ છીએ. આ પ્રવાહી કે જેમાં આ મગજ - સેરિબ્રેમ તરે છે તે પ્રવાહી પણ સેરિબ્રલ ફ્લુઈડ કહેવામાં આવે છે. આ સેરિબ્રેલ ફ્લુઇડ અને મણકાની વચ્ચે જે નળીનો આકાર બંધાય છે, તેની વચ્ચે પણ આ ફ્લુઇડ વહે છે. હલાસનના અભ્યાસથી તેની ગતિ નીચેથી ઉપરની તરફ થાય છે.

કરોડસ્તંભના મણકાઓ દ્વારા જે પોલી નળી જેવો આકાર થાય છે, તેની વચ્ચેથી સ્પાઈનલ કોર્ડ પસાર થાય છે. જેવી રીતે ખોપરી (સ્કલ)માં ક્યારેક ધક્કો કે ફટકો અથવા આઘાત લાગે તે આઘાત સીધેસીધો આ નાના-મોટા મગજમાં ન લાગે માટે જ આ સેરિબ્રલ ફ્લુઇડ શોક એબ્સોર્બર - આઘાતને ઝીલી લેવાનું કામ કરે છે. બીજું લોહીના જેવું જ તેનું બંધારણ છે, થોડું પ્રોટીનનું પ્રમાણ ઓછું છે.

બાકી નર્વસ સિસ્ટમના તમામ તાણાવાણાઓ ફાઈબર્સરૂપે અહીંથી જ નિકસિત થાય છે, તે તમામની કાર્યક્ષમતા આ હલાસનના અભ્યાસથી વધે છે. કારણ હલાસનના અભ્યાસથી સાધારણ રક્તપરિભ્રમણ લોહીના પુરવઠાની દિશા ગળા તથા મસ્તક તરફ થવાથી અને આ સેરિબ્રેલ ફ્લુઇડની દિશા પણ ગલા અને મસ્તક તરફ થવાથી હલાસન માટે ઓબેસિટી કે પેટની ચરબી ઓછી કરનારું અથવા તો પાચનક્રિયા સારી કરનારું, પાઈલ્સમાંથી મુક્તિ આપનારું જ આસન નથી રહી જતું, પરંતુ આપણી નર્વસ સિસ્ટમ, જે સ્પાઈનલ કોર્ડની સાથે કાર્યનિરત છે, તેની કાર્યક્ષમતામાં પણ ભરતી - ઉભાર આવે છે, જે આપણી ઇતર કસરતો કે એરોબિક્સમાં ભાગ્યે જ મળતી હોય છે.

આપણે હલાસનનો કોઈ પણ પ્રકાર હોય, તેનો અભ્યાસ કરીએ, ઘૂંટણને વાળ્યા વગર હલાસનનો અભ્યાસ કરવામાં આવે તો હેમસ્ટ્રિંગ્સની લંબાઈ વધે છે, કાર્યકલાપ પણ સુચારુ થાય જ છે. જો આપણે મસલ્સના યોગ્ય અને સંતુલિત તથા કેન્દ્રીકરણ (adduction) માટે હલાસનનો લાભ લેવો હોય તો હલાસનના અભ્યાસ સમયે સાથળને એકમેક સાથે જોડેલી રાખવી જોઈએ અને જો નિતંબની માંસપેશીઓને વધુ સ્થિતિસ્થાપક કે ફ્લેક્સિબલ કરવી હોય તો ઘૂંટણ વાળીને કર્ણપીડાસનનો અભ્યાસ (ઘૂંટણ માથાની બંને બાજુ જમીન ઉપર, ઘૂંટણથી પગ સુધીનો ભાગ જમીન ઉપર એકમેકને સમાંતર, હાથથી કાન બંધ કરવા, કોણી જમીન ઉપર, હાથ પગની ઉપરથી કાન સુધી લાવવા, નિતંબ આકાશની દિશામાં રહેશે) કરવો જોઈએ. આમ થાય તો તેમાં (હલાસનમાં) વેરિયેશનનો ઉપયોગ કરી, આ નિતંબ, સાથળ અને પેટના મસલ્સનો ધરખમ મસાજ પ્રાકૃતિક રીતે જ કરી શકાય છે. દા.ત. જ્યારે આપણે પગ પાછળ ખેંચીએ છીએ ત્યારે તેને અંગૂઠા ઉપર પણ રાખી શકાય અને અંગૂઠાને દૂર સુધી પગને ઊંધા કરીને ખેંચી પણ શકાય.

આમ થવાથી તળિયાં અને એડી ઉપર અને ઉપરની પગની પાની જમીન સાથે અડકેલી - સ્પર્શ કરીને રહેશે. આવી રીતે પગના અંગૂઠા વધુમાં વધુ પાછળ સુધી ખેંચાયેલા રહે તો પેટના ભાગમાંનું રક્ત સત્વરે હૃદય તરફ જ પ્રવાહિત થશે. અહીં કંઈ શરીરમાં નક્કી કરેલી ડ્રેનેજ વ્યવસ્થા નથી, છતાં ગ્રેવિટીના નિયમ પ્રમાણે જ્યારે પાણી પ્રવાહ ઊંચાઈ તરફથી નીચે આવે, અને જો નીચાણના માર્ગે અવરોધ આવે તો તે પ્રવાહ ડાબે જમણે અથવા પાછો પાછળની તરફ આગળ વધે જ છે. આ સ્થિતિ રક્તપરિભ્રમણમાં પગના પંજા, છાતી, હૃદય, ગળું અને માથું, આ બધાંને તે પ્રવાહ લાભાન્વિત કરે છે.

જો પરંપરાગત યોગશિક્ષકે માત્ર પાંચ જ આસનો શીખવવાનાં હોય તો તે શીર્ષ, સર્વાંગ, મત્સ્ય, પશ્ચિમોત્તાન અને ચક્રાસન જ હશે. પશ્ચિમોત્તાન આસન એટલે પશ્ચિમને ઉત્તાન - ઊંચકવું. અંગ્રેજીમાં તેને Posterior Stretch કહી શકાય. અથવા તો Head Knee તરીકે પણ ઓળખાવી શકાય. પહેલા નામમાં ગુણધર્મ છે, બીજી સ્થિતિ છે. સ્થિતિ કરતાં ગુણધર્મની કિંમત વધારે છે. હલાસનના બધા જ ગુણ આ આસનમાં મળી રહે છે. ☐ 'યોગ એ જ જીવન'માંથી સાભાર

ગીતાજયંતી (i)

- પરમાનંદ ગાંધી

'ગીતા મારી કામધેનુ છે.' (મહાત્મા ગાંધી)

મહાભારત યુદ્ધની પાર્શ્વભૂમિ

શ્રીમદ્ ભગવદ્ગીતા એટલે બે વ્યક્તિઓનો સંવાદ. એક વિષણ્ણ-ઉદ્વિગ્ન અને બીજી વ્યક્તિ અતિ પ્રસન્ન. ઉદ્વિગ્ન એ અર્જુન છે અને પ્રસન્ન એ પરમ કૃપાળુ સ્વયં ભગવાન છે. તેથી આ સંવાદનું-સંગ્રહિત થયેલા સંવાદનું અદ્વિતીય મહત્ત્વ છે. અને તેનું બીજું કોઈ નામકરણ ન કરતાં, ભગવાને ગાયેલી છે, તેથી શ્રીમદ્ ભગવદ્ગીતા નામ રાખવામાં આવ્યું છે. આ દૈવી સંવાદ માગશર સુદ-૧૫ના દિને થયેલો એટલે તે દિવસે તેની ઉજવણી થાય છે.

યુદ્ધની સંપૂર્ણ તૈયારી સાથે આવેલા અર્જુને કુરુક્ષેત્રના મેદાનમાં સામા પક્ષે પિતામહ ભીષ્મ, ગુરુ દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, કૌરવ બંધુઓ, સાળા, બનેવી તથા અન્ય રાજપુત્રોને પ્રત્યક્ષ જોયા ત્યારે તે ભાવવિવશ બની ગયો. કેવળ હસ્તિનાપુરનું રાજ્ય લેવા માટે જ મારે સ્વકુળનો જ દારુણ સંહાર કરી મોટું પાપ કરવું પડશે એ વિચાર અર્જુનના મનમાં ઉત્પન્ન થયો. તેનું ચિત્ત ક્ષુબ્ધ થઈ ગયું. તેનો ક્ષાત્રધર્મ-રાજધર્મ તેને યુદ્ધ કરી ધર્મનું રક્ષણ કરવાનું કહે છે અને બીજી તરફ પિતૃભક્તિ, ગુરુભક્તિ, બંધુપ્રેમ, સુહૃદપ્રીતિ એ બધાનું ખેંચાણ તેને ક્ષાત્રધર્મમાંથી પાછો હઠાવે છે. પિતૃવધ, ગુરુવધ, બંધુવધ, એવા ઘોર પાપ કરવાં પડે તો ક્ષાત્રધર્મ ગમે તેટલો શાસ્ત્રોક્ત હોય તો તે મારે શા કામનો ?

લડું કે ન લડું ? એ અવઢવમાં અટવાતું અર્જુનનું મન તેને ખાતું હતું. આખરે મોહવશ થયેલા અર્જુને પારોઠાનાં પગલાં ભર્યાં. પાપાભિમુખ થવું તેના કરતાં ક્ષાત્રધર્મ છોડી સંન્યાસ લેવો ઉચિત છે. તેની બુદ્ધિએ તેનું સમર્થન કર્યું.

મોહવશ બનેલા અર્જુનના ધ્યાનમાં એ વાત ન આવી કે તેણે ધર્મનાં મૂલ્યોનું રક્ષણ કરવાનું છે. આ ધર્મયુદ્ધ હતું અને ધર્મનાં મૂલ્યો જ ટકવાનાં ન હોય તો પિતૃભક્તિ, ગુરુભક્તિ ઇત્યાદિ સંસ્કારો ક્યાંથી ટકવાના ? તેથી કર્તવ્યચ્યુત થયેલા અર્જુનને 'તારામાં આવી નપુંસકતા - ક્ષુદ્રતા ક્યાંથી આવી ? કહી ભગવાન ફટકારે છે. યુદ્ધ લડવા માટે પ્રોત્સાહિત કરે છે. અને લડું કે ન લડું એ અવઢવમાં મૂંઝાતો અર્જુન શિષ્ય-ભાવથી ભગવાનને શરણે જાય છે.

शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् । (ભ.ગી. ૨-૭)

ગીતા ગ્રંથનો આ ઉપક્રમ છે.

ગીતાનો ઉદ્દેશ

શ્રીકૃષ્ણ ભગવાનના મનમાં અર્જુનને સંન્યાસ લેવડાવી કૌપીન ધારણ કરાવવાનું ન હતું; અથવા તો મૃદંગ અને કરતાલના તાલે ભગવાનનો નામજાપ કરતા બેસાડવાનું ન હતું. શ્રીકૃષ્ણની ભાવના-તેમનો ઉપદેશ તો અર્જુનને કર્તવ્યાભિમુખ કરવાનો હતો. તેથી તો ગીતામાં ઠેકઠેકાણે तस्मात् - શબ્દ વાપરીને तस्मात् युद्धस्व भारत । (૨-૧૮) 'માટે (અર્જુન)તું યુદ્ધ કર. तस्मादुत्तिष्ठ कौन्तेय युद्धाय कृतनिश्चयः (૨-૩૯) 'માટે તું યુદ્ધ કરવાનો નિશ્ચય કર' અથવા તો तस्मादसक्तः सततं कार्यं कर्म समाचर । (૩-૧૯) 'માટે તું આસક્તિરહિત થઈ તારે કરવાના કર્મોનું તું આચરણ કર' એમ કહ્યું છે.

માણસે સ્વધર્મ પ્રમાણે પોતાને પ્રાપ્ત થયેલું કર્તવ્ય જે હોય તે કરતા રહેવાનું પણ ફળની આશા રાખીને નહીં. मा फलेषु कदाचन । (૨-૪૭)

निमित्त मात्रं भव सव्यसाचिन् । (૧૧-૩૩) 'હે અર્જુન તું નિમિત્ત થઈને કર્મ કર.' નિમિત્ત થઈને કર્મ કરનારને કર્મ બંધનરૂપ નથી થતું.

માનવી સહજ પ્રવૃત્તિને લક્ષમાં રાખી ભગવાને ગીતામાં એ પણ કહ્યું છે.

यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम् ।
स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः ॥ (૧૮-૪૬)

'જે ઈશ્વરથી સમસ્ત પ્રાણીમાત્રની ઉત્પત્તિ, પ્રવૃત્તિ ચાલે છે, તથા જે ઈશ્વર વડે આખું જગત વ્યાપ્ત થયું છે તે ઈશ્વરની સ્વધર્મના નિયમિત કર્મોથી આરાધના કરીને મનુષ્ય પરમ સિદ્ધિને પ્રાપ્ત કરે છે.' અને તે કર્મો કરતી વખતે मामनुस्मर युद्धय च 'મને યાદ કરીને યુદ્ધ કર' (ભ.ગી. ૮-૭) અને તેમ કરવાથી ભગવાનને જેણે મન અને બુદ્ધિ આપ્યાં છે એવો તે ભગવાનને જ પામે છે. એનાથી મોટું આત્મસમાધાન બીજું કયું હોઈ શકે ?

આપણને પ્રાપ્ત થયેલાં કર્મો આપણે કરવાં જ

જોઈએ. પરંતુ તે પોતાનાં નામે ન કરતાં પરમાત્માનું સ્મરણ કરી તેના નિમિત્ત બનીને તેણે નિર્માણ કરેલા જગતના સંગ્રહ માટે એટલે કે લોકસંગ્રહ માટે જ તેનાં કર્મો છે એવી નિર્મમ બુદ્ધિ રાખી થતાં કર્મોથી જ પરમેશ્વરની સેવા, ભક્તિ, તથા ઉપાસનાનું પાપપુણ્ય માણસને લાગતું નથી. અને તેને સંપૂર્ણ સદ્‌ગતિ મળે છે.

ગીતાનો ભક્તિમાર્ગ કર્મપ્રધાન છે અને તેથી ભગવાનને કેવળ ફળફૂલ ચડાવીને પૂજન ન કરતાં નિષ્કામ કર્મથી પોતાનો સ્વધર્મ બજાવી તેનું પૂજન બધાએ અવશ્ય કરવું જોઈએ એવો ગીતાનો મુખ્ય આદેશ છે. કર્મમાં ભક્તિનું આ તત્ત્વજ્ઞાન ગીતા સિવાય બીજા કોઈ ગ્રંથમાં નથી.

ભક્તિમાર્ગની વિશેષતા

જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગ કરતાં ભક્તિમાર્ગની વિશેષતા ગીતાએ સમજાવી છે.

જ્ઞાનમાર્ગ સામાન્ય રીતે બુદ્ધિગમ્ય હોવાથી અલ્પ બુદ્ધિના સામાન્ય માણસો માટે તે કલેશમય થાય છે. પરંતુ ભક્તિમાર્ગ શ્રદ્ધામૂલક, પ્રેમમૂલક અને પ્રત્યક્ષ હોવાથી તેનું આચરણ બધા માટે સુલભ બને છે. એટલું જ નહીં વેદવેદાંતનું અધ્યયન કરવાનો અધિકાર પણ પહેલા ત્રણ વર્ણ (બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યના પુરુષો માટે જ વેદાંત સૂત્ર ૧-૩/૩૪-૩૮) હોવાથી તથા સ્ત્રીઓને તથા સમાજનાં હિત માટે શ્રમ કરનારા તથા અન્ય ધંધા કરનારા સર્વસામાન્યના હિત માટેનો તેમાં વિસ્તારથી વિચાર ન હોવાથી તેવા લોકોને મોક્ષ ન મળે એવું નથી. પરંતુ બાદરણાચાર્યના विशेषानुग्रहाय (વેદાંત સૂત્ર ૩-૪/૩૮) લખાણ મુજબ પરમેશ્વરના વિશેષ અનુગ્રહથી તે પ્રાપ્ત કરી શકાય છે. કેવળ કર્મથી નહીં પણ ભક્તિમાર્ગથી જ તે સંભવી શકે છે. એવું ગીતામાં અને ભાગવતમાં (૧-૪-૨૫)માં કહ્યું છે. આ માર્ગે પ્રાપ્ત થતું જ્ઞાન અને ઉપનિષદનું બ્રહ્મજ્ઞાન એ બે એક જ છે. તો પછી સ્ત્રી, પુરુષ, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર ઇત્યાદિમાં ભેદ રહેતો જ નથી. તેવું ગીતાનું સ્પષ્ટ કહેવું છે.

मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युं पापयोनयः ।
स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि याति परां गतिम् ॥
(ભ.ગી. ૯/૩૨)

'હે પાર્થ ! મારો આશ્રય કરીને રહેતી સ્ત્રીઓ, વૈશ્ય તથા શૂદ્ર કિંવા અન્ય પાપયોનિ છે તે પણ પરમ ગતિને પામે છે. મનુષ્યની મોક્ષની યોગ્યતા તેના ધંધા પર કે જાતિ ઉપર આધારિત નથી રહેતી, પરંતુ અંતઃકરણની શુદ્ધિને અવલંબીને રહે છે. તેથી સમાજના બધા જ મનુષ્યો માટે મોક્ષના દ્વાર ખુલ્લા છે, એમ ગીતા કહે છે.

ગીતામાં આશ્વાસન

સામાન્ય માણસ માટે તો ગીતાના તત્ત્વજ્ઞાન કરતાં પણ વધુ તો ગીતામાં ઠેકઠેકાણે ભગવાને આપેલા આશ્વાસનોનું મહત્ત્વ છે. એ વાંચ્યા પછી માણસ હતાશા ખંખેરી આત્મવિશ્વાસથી ઊભો થાય છે. તેનામાં ચૈતન્યનો સંચાર થાય છે.

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मंतव्यः सम्यग्व्यवसितो हि सः ॥ (ભ.ગી. ૯/૩૦)

'જો અત્યંત દુરાચારી મનુષ્ય પણ અનન્ય ભક્તિથી મને ભજે તો તેને ઉત્તમ સ્વભાવવાળો સાધુ પુરુષ જ માનવો. (અર્થાત્‌-તેવા મારા ભક્તોનો દુરાચાર, મારી ભક્તિથી નાશ પામતાં તત્કાળ તે સદાચાર બુદ્ધિવાળો થઈ જાય છે.) માણસ માટે આનાથી બીજું મોટું આશ્વાસન કયું હોઈ શકે ?

न मे भक्तः प्रणश्यति । (ભ.ગી. ૯/૩૧) 'મારો ભક્ત કદી નાશ પામતો નથી.'

अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः । (ભ.ગી. ૧૮/૬૬)

'હું તને બધા પાપોમાંથી મુક્ત કરીશ. માટે તું શોક ન કર.'

આ વાંચ્યા પછી પાપ કરનાર માણસનું મન તેને ખાતું હોય તો તેનો ડંખ તેને રહે ખરો ?

तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् । (ભ.ગી. ૧૨/૭)

'આ મૃત્યુયુક્ત સંસારરૂપી સાગરમાંથી હું તેમનો તત્કાળ ઉદ્ધાર કરું છું.'

तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् । (ભ.ગી. ૯/૨૨)

'નિત્ય મારામાં જોડાયેલા ચિત્તવાળાઓનું યોગક્ષેમ હું સંભાળું છું.'

न त्वं शोचितुमर्हसि । (ભ.ગી. ૩/૩૭) 'તારે શોક કરવો યોગ્ય નથી.'

પશુત્વથી મનુષ્યત્વ તરફ લઈ જનારો આ ગ્રંથ માણસને માણસ બનાવે છે. નિસ્તેજને તેજસ્વી બનાવે છે. રડતાને ઊભો કરે છે. હતાશ થયેલામાં આશાનો સંચાર કરે છે. ગીતા કહે છે 'ભગવાન ઉપર વિશ્વાસ મૂક, તને રસ્તો જડશે. તારું પતન ન થતાં ઉત્થાન થશે.

☐ 'આપણો સાંસ્કૃતિક વારસો'માંથી સાભાર

ઉપનિષદ-યાત્રા

શ્રી ગુણવંત શાહ

ઉત્ક્રાંતિ માતાનો સૌથી લાડકો દીકરો મનુષ્ય

ઋષિના શબ્દો : आदित्य एव देवलोकः चन्द्रमा मनुष्यलोकः ।(જૈમિનીય ઉપનિષદ, અધ્યાય ત્રીજો, ખંડ-૧૩ મંત્ર-૧૨)

ભાવાર્થ : સૂર્ય ને ચન્દ્રમાં ભાળો આલોક બ્રહ્મલોકનો
સૂર્ય તો દેવનો લોક ચન્દ્રલોક મનુષ્યનો.

પરમેશ્વરનો દેખીતો પ્રતિનિધિ આદિત્ય

પરમાત્મા અવ્યક્ત છે. એ નથી જોઈ શકાતો અને નથી સ્પર્શી શકાતો. આટલું ઓછું હોય તેમ પરમાત્મા અપરિમેય અને અચિંત્ય પણ છે. જે પરમાત્મા સાવ અજાણ્યો અને અણપ્રીછ્યો હોય, તેના હોવા વિશે કોઈને શંકા જાગે તો તે વાજબી શંકા ગણાય. આવી પ્રામાણિક શંકા શોધનું આરંભબિંદુ બની રહે એ શક્ય છે. નિરીશ્વરવાદીઓનો ઊંચો આદર કરવામાં ભારતીય સંસ્કૃતિને કોઈ ન પહોંચે. માત્ર ત્રણ મહામાનવોનો ઉલ્લેખ જ પૂરતો છે : સાંખ્યશાસ્ત્રના પ્રવર્તક મુનિ કપિલ, શાક્યમુનિ ગૌતમબુદ્ધ અને ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામી. એ ત્રણે નિરીશ્વરવાદીઓ પરમ આદરણીય ગણાયા. નોબેલ પારિતોષિક વિજેતા ડૉ. અમર્ત્ય સેને પ્રવચનમાં કહેલું કે નાસ્તિકતા અંગે જેટલું સાહિત્ય સંસ્કૃતમાં છે તેટલું દુનિયાની કોઈ ક્લાસિકલ ભાષાઓ (ગ્રીક, અરબી, લેટિન, હિબ્રૂ)માં નથી.

પરમાત્મા ભલે અપ્રગટ હોય. એના હોવાની કોઈ સાબિતી ભલે ન હોય. એને ભાળી ન શકાય કે પામી ન શકાય, તોય જગતની રચના એવી છે કે માણસનું ઈશ્વર વિના કશુંય ન અટકે. માણસને રોકડી બાબતો પ્રત્યે જબરો પક્ષપાત હોય છે. એને 'બે વત્તા બે બરાબર ચાર' જેવી વાતમાં ઝટ વિશ્વાસ બેસે છે. કદાચ પરમેશ્વરને માણસની આવી રોકડવૃત્તિનો ખ્યાલ હશે, તેથી એણે ભારે કરુણાપૂર્વક પોતાના તેજોમય પ્રતિનિધિનું સર્જન કર્યું. એ પ્રતિનિધિ એવો રાખ્યો, જેને લોકો ભાળી શકે અને એની અહૈતુકી કૃપાનો રોકડો પ્રસાદ પામી શકે. ઉપનિષદના ઋષિઓએ પરમેશ્વરના એ પરમ ઉજ્જ્વલ એવા સાકાર સગુણ પ્રતિનિધિને આદિત્ય (સૂર્ય) કહ્યો.

ઉપનિષદોમાં સૂર્ય-મહિમા

ઉપનિષદોમાં આદિત્યનો મહિમા કેટલો ભવ્ય રીતે થયો છે તેનો ખ્યાલ આવે તે માટે થોડાંક ઋષિવિધાનો જ અહીં પ્રસ્તુત છે :

(૧) આદિત્યઃ પ્રાણઃ । (જૈમિનીય ઉપનિષદ)
(૨) આદિત્યઃ સવિતા । (મૈત્રાયણી ઉપનિષદ)
(૩) આદિત્યઃ પ્રસ્તાવઃ । (છાંદોગ્ય ઉપનિષદ)
(સૂર્ય બધી બાબતોનો આરંભ છે.)
(૪) આદિત્યાત્મા બ્રહ્મ । (મૈત્રાયણી ઉપનિષદ)
(૫) આદિત્યેન વાવ સર્વે લોકા મહીયન્તે । (તૈત્તિરીય ઉપનિષદ)
(સૂર્ય વડે જ બધા લોકો મહિમા પ્રાપ્ત કરે છે.)
(૬) આદિત્યો હ વૈ પ્રાણઃ । (પ્રશ્નોપનિષદ)
(૭) આદિત્યવર્ણં તમસઃ પરસ્તાત્ । (શ્વેતાશ્વતર ઉપનિષદ)
(પરમેશ્વર સૂર્યપ્રકાશની માફક અવિદ્યારૂપી અંધકારથી પર છે.)

'આદિત્ય' એટલે સૂર્ય, હિરણ્યગર્ભ, ઈંદ્ર, શંકર, વિષ્ણુ, દેવ ઇત્યાદિ. વાર્તા જાણીતી છે. દેવોની માતા અદિતિને કશ્યપથી થયેલા બાર પુત્રો આદિત્ય કહેવાયા. વર્ષના બાર મહિનાના બાર આદિત્ય મનાયા. સૂર્યના સારથિ અરુણને 'આદિત્યકેતુ' કહે છે. સૂરજમુખીના છોડને 'આદિત્યપત્ર' કહે છે. ભગવાન બુદ્ધને 'આદિત્યબંધુ' કહ્યા છે. કાઠિયાવાડમાં આદિત્યરામ નામે એક સંગીતાચાર્ય થઈ ગયા. આદિત્યલોક એટલે દેવલોક. ભગવાન શિવનું એક નામ 'આદિત્યવસુ' છે. આદિત્યવાર એટલે રવિવાર. (સૌરાષ્ટ્રમાં પ્રચલિત તદ્ભવ શબ્દ 'દિતવાર.') સાતમા સૈકામાં મગધ દેશના એક રાજાનું નામ આદિત્યસેન હતું. કર્ણને 'આદિત્યસૂનુ' કહે છે કારણ કે તે સૂર્ય દ્વારા કુંતીની કૂખે જન્મેલો દીકરો (સૂનુ) હતો. જેનું નામ આદિત્ય

હોય, તેને ભાગ્યે જ ખબર હશે કે પોતાનું નામ કેટલું અર્થપૂર્ણ છે. આપણી પરંપરામાં સૂર્યને સવિતૃ (બધું ઉત્પન્ન કરનારો) કહ્યો છે. આપણું જીવન સ્વાવલંબી, પરાવલંબી અને પસ્પરાવલંબી હોય એ ખરું, પરંતુ જરાક થંભી જઈને વિચારીએ તો સમજાય કે જગતનું જીવનમાત્ર સૂર્યાવલંબી છે.

ચંદ્રનો સંબંધ મન સાથે છે

પૃથ્વી પર વસતા ભૂમિપુત્રો માટે સૂર્ય અને ચંદ્ર અત્યંત તેજસ્વી એવા બે આકાશી ગોળા ગણાય. માનવીના જીવનમાં વાતે વાતે સૂર્ય અને ચંદ્ર વણાઈ જતા. રામના પ્રપિતામહ રઘુ રાજા સૂર્યવંશી હતા. રઘુવંશમાં રામ જેવા સૂર્યવંશી રાજા થયા. ભગવાન શિવને 'ચન્દ્રચૂડ' કહ્યા છે. રાવણની તલવારનું નામ 'ચન્દ્રહાસ' હતું. ચન્દ્રવંશી રાજાઓ પણ અનેક થઈ ગયા. 'ચન્દ્રકિન્' એટલે મોર. ઘરની ટોચે આવેલા ઓરડાને ચન્દ્રપ્રાસાદ કહે છે. ચન્દ્રશાળા એટલે અગાસી (આકાશિકા). ચન્દ્રશેખર એટલે શંકર. ઐતરેય ઉપનિષદમાં કહ્યું છે : ચન્દ્રમાએ મન બનીને હૃદયમાં પ્રવેશ કર્યો. (ચન્દ્રમા મનોભૂત્વા હૃદયં પ્રાવિશત્ ।) ચન્દ્ર પર લખાયેલી અસંખ્ય કવિતાઓ આ વાતને ટેકો કરનારી છે. મનના વિહ્વળ માણસને અંગ્રેજીમાં 'મૂન-સ્ટ્રક' કહે છે.

સૂર્ય છે જીવનદાતા

ભારતીય સંસ્કૃતિ એટલે સૂર્ય-સંસ્કૃતિ. ઈજિપ્તમાં ઈસ્લામનો ફેલાવો થયો તે પહેલાંની સદીઓમાં સૂર્યપૂજા થતી હતી. ત્યાં લક્ઝર આગળ આવેલાં વિરાટ ખડકમંદિરોની મુલાકાત વખતે જાણવા મળ્યું કે અસલ ઈજિપ્તમાં સૂર્યપૂજા સાથે ગાયપૂજા પણ પ્રચલિત હતી. દક્ષિણ અમેરિકાના પેરુમાં ઈન્કા સંસ્કૃતિના રાજાઓ સૂર્યવંશી હતા. ત્યાંની ઈન્કા સંસ્કૃતિની એક જાતિના માણસો 'ઈન્ડિયન' કહેવાય છે. એ સંસ્કૃતિની સુગંધ પ્રગટ કરતું અંગ્રેજી નાટક 'ધ રોયલ હન્ટ ઓફ ધ સન' જોવા જેવું હતું. (એનું દિગ્દર્શન નાટ્યવિદ્ મિત્ર ફિરોઝખાને કરેલું.) પૃથ્વી પર હરતાફરતા, ખાતાપીતા, રમતા-ભમતા અને પડતા-આખડતા માનવી માટે સૂર્ય જીવનદાતા છે. એ જ સમગ્ર ઊર્જાનો પુંજ છે. ઉપનિષદના ઋષિએ એને પ્રજાપતિનો પુત્ર (પ્રાજાપત્ય) અને પોષણ કરનારો (પૂષન્) કહ્યો છે. સૂર્ય પ્રત્યે આભાર પ્રગટ કરવા માટે સદીઓથી ભારતવર્ષમાં સૂર્યોપાસના થતી રહી છે. સૂર્ય એક દિવસ ન ઊગે અથવા એક મિનિટ માટે ન હોય તેવી કલ્પના કરવા જેવી છે. કદાચ બીજી ક્ષણે પૃથ્વી પરનું જીવન થીજી જાય. કવિ રવીન્દ્રનાથ ટાગોર વહેલા ઊઠી જઈને સૂર્ય ઊગે તેની પ્રતીક્ષા કરતા અને તે વખતે જે વિચારો આવે તે લખી લેતા. વૈદિક ઋષિઓએ રચેલા સૂર્યમંત્રોમાં સૂર્યની સ્તુતિ થઈ છે.

પરમેશ્વર ન હોય તોય કદાચ આપણું અટકી ન પડે, પરંતુ સૂર્ય ન હોય તો બધો ખેલ ખતમ ! આવા તો અસંખ્ય સૂર્યોનો રચનાર કોઈક હશે ખરો ? આટલી વિરાટ રચના કોઈ પરમ સત્તા વિના શક્ય ખરી ? એ પરમ સત્-તાની શોધ સદીઓથી ચાલતી રહી છે. એ શોધનો કોઈ અંત નથી. ઉપનિષદના ઋષિએ જેને સત્યસ્ય સત્યમ્ કહ્યું, તે પરમ અસ્તિત્વ ભલે આપણી પહોંચમાં ન હોય, પરંતુ સૂર્ય તો ભાળી શકાય છે અને શિયાળાની સવારે એનો તડકો આપણા શરીરને ભાવે છે. સૂર્ય દૂર છે તોય પ્રત્યક્ષ છે અને તડકાગમ્ય છે.

ઉપરોક્ત મંત્રમાં સૂર્ય સાથે દેવલોક અને ચન્દ્ર સાથે મનુષ્યલોક જોડવામાં આવ્યા છે. આ પૃથ્વી પર જન્મેલો મનુષ્ય ઉત્ક્રાંતિમાતાનો સૌથી લાડકો દીકરો છે. મનુષ્યકુળના પિતા વિવસ્વત્‌ના પુત્ર મનુ ગણાય છે. મનુનાં સંતાનોને મનુજ કહ્યાં. 'મનુ' એટલે 'મનની શક્તિઓ.' કેવળ મનુજ કે મનુષ્ય પાસે મન છે અને મનની શક્તિઓ છે. ચન્દ્રમા સાથે મનનો અનુબંધ ઋષિઓએ રચેલો છે. મનુષ્યલોક એટલે મનુષ્યનું સમગ્ર મનોજગત ! જરાક છૂટ લઈને એમ પણ કહી શકાય કે કોઈ આદમી જ્યારે મનની અવસ્થાએ જીવે ત્યારે એ મનુષ્યલોકમાં જીવતો હોય એમ બને.

ચંદ્રની કળા અને ભારતીય કેલેન્ડર

એકવીસમી સદીમાં ધર્મની ગતિ અધ્યાત્મ તરફની હશે એવી ભાવના મારા આ ગ્રંથમાં વારંવાર ઘૂંટવામાં આવી છે. સ્વર્ગનો ખરો સંબંધ મનુષ્યના ચિત્તની ઉદાત્ત અવસ્થા સાથે રહેલો જણાય છે. એ જ રીતે નરકનો સંબંધ તમોગુણી મનોવૃત્તિ સાથે રહેલો જણાય છે. સૂર્ય અને ચંદ્રને પ્રાર્થનામય ચિત્તે નિહાળવાનો સમય ન હોય એવા સમાજમાં સમજણનો સૂર્યોદય થાય ખરો ? કદાચ આપણે આપણા જ સ્વથી કપાઈ ગયા છીએ. આપણું ભારતીય કેલેન્ડર ચંદ્રની કળા સાથે સહજપણે જોડાયેલું

છે. ગામની અભણ સ્ત્રી પણ ચંદ્રને જોઈને કહી શકે કે આજે બીજ છે કે બારસ છે. જે પશ્ચિમી કેલેન્ડર આપણે અનુસરીએ છીએ તે ચંદ્રથી કપાઈ ગયેલું છે. ગાંધીજી પોતાના પત્રોમાં દેશી તિથિનો જ ઉલ્લેખ કરતા હતા. એમણે મારી માતાને લખેલા બે પત્રો અમારા ઘરમાં આજે પણ સચવાયા છે.

સ્વર્ગ એટલે પરિશુદ્ધ ચિત્ત

સૂર્ય સાથે જોડાયેલ દેવલોક શું પૃથ્વી પર પાંગરેલા મનુષ્યલોકથી પર એવો કોઈ અલગ નિવાસ હશે ? દેવલોક એટલે સ્વર્ગલોક. પૃથ્વી પર રહેતા મનુષ્યના ચિત્તની ઊંચી અવસ્થાને દેવલોક કહેવામાં કોઈ વાંધો ખરો ? શ્વેતાશ્વતર ઉપનિષદમાં ઈશારો થયો છે. એમાં ઈશ્વરને 'તમસઃ પરસ્તાત્' એટલે કે અંધકારથી પર કહ્યો છે. સૂર્યલોક સ્થૂળ અંધકારથી નહીં, અજ્ઞાનરૂપી અંધકારથી પર હોય એમ બને. આ જ તર્કને લંબાવીને કહી શકાય કે અજ્ઞાનરૂપી અંધકાર (તમસ્) ટળે, તો મનુષ્યનું ચિત્ત પ્રકાશમય (આદિત્યવર્ણમ્) બની રહે. અથર્વવેદમાં પરિશુદ્ધ ચિત્ત એ જ 'સ્વર્ગ' છે, એવું કહ્યું છે. આપણી સાધના મનની ભૂમિકા તરફથી ચિત્તની ભૂમિકા તરફ અને વળી ચિત્તશુદ્ધિની દિશામાં થતી રહે તો એ મનુષ્યલોક (ચન્દ્રલોક) તરફથી દેવલોક (સૂર્યલોક) તરફની યાત્રા ગણાય.

પૃથ્વીથી વેગળા એવા સ્વર્ગની કલ્પનાને કારણે આ પૃથ્વી પર સ્વર્ગ ઊભું કરવાનું શક્ય ન બન્યું. વેદવિદ્ સદ્ગત શ્રીપાદ દામોદર સાતવળેકરજીએ સ્વર્ગ આપણી પૃથ્વીથી વેગળું નથી એવી શાસ્ત્રસિદ્ધ વાત ભાર દઈને કરી હતી. મનુષ્યનું ચિત્ત નિર્મળ બને અને એમાં જ્ઞાનનો પ્રકાશ વ્યાપે ત્યારે એ ચિત્ત જ સ્વર્ગનું ઉપસ્થાન ગણાય. ધારદાર કટાક્ષ કરીને આલ્ડસ હક્સલીએ કહેલું : 'કદાચ આપણી દુનિયા અન્ય કોઈ ગ્રહ માટેનું નરક હોય એમ ન બને ?'

☐ 'પતંગિયાની અમૃતયાત્રા'માંથી સાભાર

સાચું સુખ

- શ્રી કિશોરભાઈ હ. દડિયા

દુઃખને દેખતા રહેવાથી, દુઃખના દેકારા અને દહેશતમાં દબાતા જ જશું...અને,
દુઃખ દસ-ગણું દેખાઈ દુનિયા દોજખ અને દવલી દેખાશે... જ્યારે
દુઃખની દાદ-ફરિયાદોથી દૂર રહી, દિલથી કરીશું દિલ્લગી...તો,
દુઃખ દશાંશમાં થઈ, દાયકાઓ સુધી 'દેખા' નહીં દે !

દમદાટી, દાવ-પેચ કે દાઝથી, કોઈ દિલોને દઝાડી દુઃખકર્તા થવાને બદલે,
દિલોથી દઈ દિલાશા, દરેક દુઃખી દિલોના બનીશું દુઃખહર્તા...તો,
દુશ્મન પણ દિલોજાન દોસ્ત બની, દિલોથી દુઆ દેશે;
દિલોથી દિધેલ આવી દુઆ, દિલોની દૂરી દૂર કરશે.

દોલત માટેની દોષિત દોડમાં, દુર્બળને દબાવીને...કે દગાખોરી કે દુરાચારીથી દબાવેલ દોલત-દાગીનાનો દંભી દેખાડો કરીને,
દેખાદેખીથી દાતાર કે દાનેશ્વરી દેખાવવાનો દુરાગ્રહ ના કરતા,
દોલતવાન થઈશું દયાધર્મની દરિયાદિલીએ...તેમજ દઈ જાણવાની દઢતાએ, દુઃખભંજક બનીશું દબાયેલ દુઃખીઓના...તો,
દોલત દસગણી દિલેર અને દિવ્યમાન થઈ, દુનિયામાં દષ્ટાંતરૂપ દાખલો બનશે.

દિવાસળીની દાહથી કોઈના પણ દિલને દઝાડવાને બદલે દિવાસળીથી દીપાવીશું દરેક દિલોમાં દીપમાળા...તો, તેવા દીપની દિવ્ય દષ્ટિએ દેખાશે...
દરિયા અને દુનિયાની દરેક દિશાઓ, અને...
દરેકના દરેક દિવસો બની દિલોથી દીપોત્સવ, દીધાર્યુ બનશે દાદા-દાદી, દીકરા-દીકરી અને દરેકના દામ્પત્ય-જીવન.

દેહ-ધારણથી દેહ-ત્યાગનો દોરી-સંચાર તથા દોરવણી દૈવાધીન હોય,
દુઃખ-દર્દની દયામણી દાદ-ફરિયાદો કે દુર્ભાગ્યને દોષ આપ્યા વગર,
દિવ્યજ્ઞાનથી દિપાવીશું દુર્લભ આ દેહ અને દુનિયાને તો દરરોજ દેખી શકીશું જેવું 'સાચું-સુખ'... અહીં અને આજે જ દિવ્ય જીવન !

★★★

સત્યં, શિવં, સુંદરમ્

- ડૉ. હરીશ દ્વિવેદી

'ઘટમાં શિવ નયનમાં સુંદર,
મન છે સત્યનું પરમ નિધાન,
આજ પ્રેમના પુણ્યપ્રતાપે
આ તન બન્યું છે તીરથધામ.'

આપણા શરીરને એક પવિત્ર તીર્થધામ બનાવવાની વાત છે. શિવત્વને આપણા દેહમાં પ્રગટ કરવાનું છે. સૌંદર્યને બહાર શોધવાથી જડવાનું નથી. એને તો સહુ પ્રથમ આપણે આપણી આંખોમાં વસાવી લેવું પડશે, પછી એ જે કંઈ જોશે તે બધું જ સુંદર હશે !

આપણો સૌથી નજીકનો અને જીવનભર સાથ આપનાર મિત્ર કોણ ? ખૂબ જ સરસ મજાનો પ્રશ્ન છે અને એનો ઉત્તર પણ આપણને સહુને ગમી જાય તેવો છે. આપણી પોતાની જાતથી સહુથી નજીક હોય તો તે આપણું શરીર છે. એ જીવનભર આપણને એક સાચા મિત્રની જેમ હંમેશને માટે સાથ આપતું રહે છે. આ રીતે આપણું શરીર એ જ આપણો સૌથી નિકટનો સંગી-સાથી અને મિત્ર છે. સંતોએ આપણા આ દેહને આત્મદેવને રહેવાનું નિવાસસ્થાન માન્યું છે. આ દેહરૂપી દહેરામાં આપણા ચૈતન્યદેવ બિરાજમાન છે. પ્રભુની મંગલમૂર્તિ સુધી પહોંચવાનું એ પ્રવેશદ્વાર છે. એના દ્વારા જીવનમાં સત્યં, શિવં અને સુંદરમ્‌ની ઉપાસના થઈ શકે છે. એટલું જ નહિ, એને સત્ય, શિવ અને સુંદરમય પણ બનાવી શકાય છે. ઉપાસનાની એ પરાકાષ્ઠા છે. એની ચરમસીમા તો ત્યારે છે; જ્યારે ઉપાસના, ઉપાસ્ય અને ઉપાસકની વચ્ચે કોઈ ભેદ રહેતો નથી અને ત્યારે એ ત્રણેયની વચ્ચે એક મધુર અદ્વૈત સધાઈ જતું હોય છે !

ત્યારે જીવનને જોવાની-જાણવાની એક નવી દૃષ્ટિ આપણને પ્રાપ્ત થતી હોય છે. પછી આપણે જે કંઈ જોઈએ તે બધામાં સત્ય, શિવ અને સુંદરનાં દર્શન થવા લાગે છે.

મહાન કન્નડ સંત કવિ વસવન્નાએ પણ આવી જ કંઈક વાત ખૂબ કાવ્યાત્મક રીતે શબ્દબદ્ધ કરી છે. પોતાના શરીરને જ શિવાલય બનાવવાની કવિની અભીપ્સા છે. આપણા અંતરમનને સ્પર્શી જાય તેવા શબ્દો છે :

ઓ મારા ભગવાન્ !
ધનવાન મનુષ્યો તો તારા માટે
મોટાં મોટાં મહાલયો અને મંદિરો બંધાવશે,
હું એક ગરીબ માણસ,
તારા માટે શું કરી શકું ?

કવિના મનની આ જે મથામણ છે એ મનુષ્યમાત્રની સમસ્યા છે. જેણે આપણને જીવન આપ્યું છે એ જીવનદેવતાને ચરણે આપણે શું ધરી શકીએ તેમ છીએ ? આપણી પાસે એને આપવા જેવું કંઈ છે ખરું ? આપણે તો દરેક વસ્તુને અભડાવી મૂકી છે, વિચાર સુદ્ધાંને અપવિત્ર બનાવી દીધા છે, તો પછી કરવું શું ? એના માટે બીજું કંઈ ખાસ કરવાની જરૂર નથી. આપણા એ નાનકડા ક્ષુલ્લક અહંકારરૂપી પગરખાંને મંદિરમાં પ્રવેશતાં પહેલાં બહાર ઉતારી નાખવાં પડશે.

અને આ તો શૂરવીરોનો માર્ગ છે, ખાંડાની ધાર પર ચાલવાનું છે. કાયર વ્યક્તિનું એ કામ નથી. પોતાના ખોટા અહંકારના વિસર્જનની એ પૂર્વ-તૈયારી છે અને એ હવનમાં આપણા 'હું'ને આપણે હોમી દેવો પડશે. પરંતુ એને માટે આપણી તૈયારી નથી. આપણે સહુ કશુંક કરી નાખવા માટે હંમેશાં તૈયાર હોઈએ છીએ. કારણ કે, કંઈક થવા કરતાં કંઈક કરી નાખવું એ ખૂબ સરળ હોય છે, એટલા માટે જ આપણને કંઈક થવા કરતાં કશુંક કરી નાખવું વધુ ગમતું હોય છે !

કશુંક થવામાં આપણા 'હું'ને બદલવાની વાત છે. વખત આવે એને ગુમાવવો પણ પડે ! વાસ્તવમાં એને જો ગુમાવવાની તૈયારી હોય તો ઘણું બધું આપણે મેળવી શકીએ તેમ છીએ. પરંતુ એને માટે તો સાગરના તળિયે ડૂબકી મારનાર મરજીવા બનવું પડે !

જીવનસાગરમાં ડૂબકી લગાવનાર આવા મરજીવાઓ આપણા માટે કેવાં સરસ મજાનાં મોતી-માણેક અને પરવાળાં લઈ આપણી સમક્ષ આવતા હોય છે. એનો અમૂલ્ય ખજાનો આપણા સહુની સમક્ષ ખુલ્લો પડ્યો છે. ઉપર જે કન્નડ કવિ વસવન્નાની વાત કરી તે કવિ વસવન્ના આપણા માટે જે મૌક્તિક મણિ લઈ આવ્યા છે, તે ખરેખર ખૂબ જ સુંદર છે. પોતાના અંતરતમની ભાવનાને શબ્દો દ્વારા અભિવ્યક્ત કરતાં તેઓ યથાર્થ રીતે કહે છે :

મારું આ શરીર એ જ શિવાલય છે
મારા આ પગ એ એના સ્તંભ છે.
અને મસ્તક છે, એનો સુવર્ણકળશ !
સ્થિર ઊભેલી વસ્તુઓ તો ભવિષ્યમાં પડી જશે,
પરંતુ જે હંમેશાં ચાલતી રહે છે, તે કાયમ સ્થિર રહેશે.

કવિએ કેવી સુંદર મજાની વાત કરી છે ! પોતાની જાતને જ ભગવાનનું હાલતું-ચાલતું મંદિર બનાવી દેવાની એ વાત છે. સાથે સાથે કવિએ જાણ્યે-અજાણ્યે એક મોટા વૈજ્ઞાનિક સિદ્ધાંતની વાત પણ કરી નાખી છે. આઈનસ્ટાઈને $E=(MC^2)$ એ સૂત્ર દ્વારા જે વાત સ્થાપિત કરી છે તેને અહીં કવિએ ગતિ અને સ્થિરતાની વાત દ્વારા સ્પષ્ટ કરી છે. જે હંમેશા ચાલતું રહે છે, ગતિમાન હોય છે તેનો કદી અંત હોતો નથી. એની નિરંતર ગતિ એ જ એની સ્થિરતા હોય છે !

થોડી વિરોધાભાસી લાગે એવી વાત કવિએ અહીં કરી છે જે સ્થિર ઊભેલી વસ્તુઓ છે, તેનો વિનાશ નિશ્ચિત છે. એના પ્રતીક રૂપે આજે મોટાં મોટાં રાજ-મહેલો અને ભવ્ય મંદિરોના ખંડેરો આપણી સમક્ષ મોજૂદ છે. જીવનનું પણ કંઈક આવું જ છે. એ તો નિરંતર વહેતો પ્રવાહ છે. એને સ્થિર બનાવી ‘હું’ના ખાબોચિયામાં એને જો આપણે બંધિયાર બનાવી દઈશું તો એ ચોક્કસ ગંધાઈ ઊઠવાનું છે. એના પ્રવાહને તો હંમેશાં વહેતો રાખવામાં જે આનંદ છે, તે કોઈ ઓર છે. પ્રત્યેક ક્ષણે એ અવનવાં રૂપો ધારણ કરી, ‘ક્ષણે ક્ષણે યન્નવતામુપૈતિ’ની માફક આપણી સમક્ષ ઉપસ્થિત થતું હોય છે.

પરંતુ આપણે તો સ્થિરતાના ઉપાસકો છીએ ! મંદિરના ગર્ભદ્વારમાં પુરાયેલી પાષાણની પ્રતિમાઓને પૂજનારા છીએ ! એ માર્ગ સાવ સહેલો અને સરળ છે. એમાં આપણે પોતે કંઈ જ થવું પડતું નથી. માત્ર પૂજા-અર્ચનાની થોડીક બાહ્ય ક્રિયાઓ અને વિધિઓ આપણે જરૂર કરવી પડતી હોય છે. બસ એટલું કરો એટલે બધું પત્યું-ઈતિ સિદ્ધમ્. પરંતુ એનું પરિણામ શું આવ્યું ? મંદિરની એ પથ્થરની પ્રતિમાઓને પૂજતા પૂજતા આપણે પણ એના જેવા સ્થિર અને જડ બની ગયા છીએ. પ્રેમ, લાગણી અને ભાવનાને નામે તો મોટું મીંડું, પછી એને કરવાનું શું ?

આવી સ્થિરતા અને જડતામાંથી આપણે બહાર આવવું પડશે. જીવનમાં આ પ્રકારની જડતા એ ખૂબ જ ખતરનાક સાબિત થતી હોય છે. અને એટલા માટે તો ‘તમસો મા જ્યોતિર્ગમય’ની પ્રાર્થના કરવામાં આવે છે. અહીં તમસ-અંધકાર એ જડતાનું પ્રતીક છે. એમાંથી પ્રકાશ તરફ, ગતિ તરફ જવાની વાત છે. આ ગતિને આપણા જીવનનું પ્રેરકબળ બનાવવું પડશે.

જીવનની આ નિરંતર વહેતી ધારાની અવિરત ગતિની સાથે આપણા તાલ-લય અને ગતિને મિલાવી દઈશું, ત્યારે આપણો આ દેહ એ ભગવાનનું હાલતું-ચાલતું દેવાલય બની જશે. આપણી અંદર રહેલા આતમરામને આપણે જ્યારે ઓળખી શકીશું ત્યારે ઘટઘટમાં વ્યાપીને રહેલા એ રમતા રામનો આપણે સમાદર કરી શકીશું, એનું અભિવાદન કરી શકીશું.

પ્રભુ તો ઘટઘટમાં બિરાજેલો છે. પ્રત્યેક દેહ એ ચૈતન્યદેવનું નિવાસસ્થાન છે. એને પોતાના દેહ દ્વારા જે વધુ ને વધુ પ્રગટ કરી શકે તે જ સાચો શૂરવીર અને તે જ સાચો જીવનવીર ! ‘બલિહારી ઘટ કી સહી, જા ઘટ પરગટ હોય’ અને એ પ્રગટ પ્રભુનું સ્વરૂપ છે સત્યમ્, શિવમ્ અને સુંદરમ્.

વૃત્તાંત

દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ, અમદાવાદ : દૈનિક પ્રવૃત્તિ : શ્રી સદ્‌ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજની ગુજરાત યાત્રાની પવિત્ર સ્મૃતિમાં 'શિવાનંદ ગુજરાત યાત્રા હીરક જયંતી મહોત્સવ' શિવાનંદ આશ્રમ અમદાવાદ ખાતે ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવ્યો.

અમદાવાદ પશ્ચિમની ૩૭ શાળાઓના **૮૫૦૦** વિદ્યાર્થી ભાઈ-બહેનો આ ઉજવણીમાં ઉત્સાહથી જોડાયા. આશ્રમના ઉપાધ્યક્ષ અને ટ્રસ્ટીશ્રી અરૂણ ઓઝા અને શ્રી મૌલિક શાહના નેતૃત્વમાં પહેલાં શાળાસ્તરે અને પછી તમામ સ્પર્ધાઓના આખરી સ્પર્ધા આશ્રમમાં યોજાઈ. તેમાં ૮૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આ બધી સ્પર્ધાઓના પારિતોષક વિતરણનો કાર્યક્રમ આશ્રમમાં ૧૮ ડિસેમ્બરના રોજ આયોજાશે.

તા.૧-૨-૩ના રોજ **સાધના શિબિર**નું આયોજન થયું. સવારે ૯-૦૦થી બપોરે ૧૨-૦૦ અને બપોરે ૩-૦૦થી સાંજના ૫-૦૦ વાગ્યા સુધી જય ગણેશ, ગુરુ સ્તોત્ર, પ્રાતઃસ્મરણ, ગીતા, શ્રી વિષ્ણુ સહસ્રનામ, શિવ મહિમ્નસ્તોત્ર, શ્રી દુર્ગાસપ્તશતી પારાયણ ઉપરાંત પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજનાં ઉદ્‌બોધન થયાં.

સાંજે ૬-૩૦થી ૮-૩૦ સુધી અટલ પીઠાધીશ્વર અને અખિલ ભારત સાધુ સમાજના અધ્યક્ષ આચાર્ય મહામંડળેશ્વર ૧૦૦૮ શ્રીમત્ સ્વામી મંગલાનંદજી મહારાજ ગીતામંદિર અમદાવાદ પંચદશનામ જૂના અખાડાના મહામંડળેશ્વર શ્રી વિશ્વંભરભારતીજી મહારાજ, જૂનાગઢ. શ્રીમત્ સ્વામી પરમાત્માનંદજી મહારાજ, અધ્યક્ષ, આર્ષ વિદ્યામંદિર રાજકોટ, શ્રીમત્ દેવપ્રસાદજી મહારાજ, મહંત શ્રી આણંદાબાવા આશ્રમ, જામનગર, શ્રી લલિત કિશોરજી મહારાજ, મોટા મંદિર લીબડીના ખૂબ જ મનનીય ઉદ્‌બોધનો અને સત્સંગનો લાભ ભક્તોને મળ્યો.

આ પ્રસંગે પૂજ્યશ્રી સદ્‌ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજની ગુજરાત યાત્રા પ્રસંગે આ યાત્રાને પૂર્ણ સાફલ્ય મળે તદર્થે તન-મન-ધનથી મૂક સેવા કરનારા દિવ્ય જીવન સંઘ, વડોદરાના અનન્ય ભક્ત આદરણીય શ્રી બાલકૃષ્ણ પંડ્યા (બાલુકાકા)નું 'ગુરુ ભક્તિ રત્ન' બિરુદ આપી સન્માન કરવામાં આવ્યું.

તા.૩ની રાત્રે **ધનતેરસની સામૂહિક પૂજા** ખૂબ જ આનંદ અને ઉત્સાહ સાથે ૧૧૦ દંપતીઓએ શ્રીશ્રી અષ્ટલક્ષ્મીભવનમાં સાથે બેસીને કરી, પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજીએ પ્રમુખ શ્રીયંત્ર પૂજા અને આરતી કર્યા.

તા.૫મીએ દિવાળીના પવિત્ર દિવસે શ્રીશ્રી અષ્ટલક્ષ્મીજીનો ભવ્ય અન્નકૂટ આયોજાયો. ભક્તોના ઉત્સાહ અને ઉમંગ સાથે ૭૦૦થી વધુ વાનગીઓ શ્રી માને ચરણે ધરાવવામાં આવી. આશરે ૧૨૦૦ ભક્તોએ રાત્રે મહાપ્રસાદ પ્રાપ્ત કર્યો. આદરણીયા શ્રીમતી પૂનમ થવાણી અને શ્રી નયનાબેન દવે તથા શ્રદ્ધેય અશ્વિનભાઈ પંચોલીના નેતૃત્વમાં રાત્રે વ્યવસ્થિત રીતે અડધો કિલો મીઠાઈ અને એક કિલો ફરસાણનાં ૧૨૫૦ પેકેટ બનાવવામાં આવ્યાં; જે તા.૬ઠ્ઠીની સવારે ઝુંપડપટ્ટીમાં જઈ ઘરે ઘરે પ્રસાદરૂપે પહોંચાડી નારાયણ સેવા કરવામાં આવી.

તા.૭મીએ બેસતા વર્ષે વહેલી સવારથી મોડી બપોર અને ફરી પાછું ઢળતી સાંજથી મોડી રાત સુધી દસેક હજારથી વધુ ભક્તોએ દર્શન અને અન્નકૂટનો પ્રસાદ પ્રાપ્ત કર્યો. અન્નકૂટનાં દર્શન પ્રીન્ટ અને ઇલેક્ટ્રોનિક મીડિયાએ ખૂબ જ પ્રચાર કરી-સૌને લાભ આપ્યો હતો.

તા.૭મીની રાત્રે દિવ્ય જીવન સંઘ વડોદરાની ભક્તિમતી બહેન કુ. અમિતા વ્યાસના અમદાવાદની કેન્સર હોસ્પિટલમાં દેહવિલય થવાના સમાચાર જાણી સૌને પારાવાર દુઃખ થયું. તા.આઠમીની વહેલી સવારે તેમના મૃતદેહને આશ્રમમાં લાવવામાં આવ્યો. દેહને વૈદિક મંત્રોચ્ચાર સાથે જળ, ગંગાજળ, દૂધ, નાળિયેરનું પાણી, મોસંબીના રસ, ચંદનકેશરથી સ્નાન કરાવી, શ્રીશ્રી અષ્ટલક્ષ્મીમાતાના પ્રસાદી વસ્ત્રો પહેરાવી અમિતાના સ્નેહીજનોની ઉપસ્થિતિમાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. તેનું અસ્થિવિસર્જન કનખલ શ્રીશ્રી મા આનંદમયી માના ઘાટ પર પૂજ્ય સ્વામીજીએ તા.૧૫મીની સવારે કર્યું. ઈશ્વર દિવંગતના આત્માને ચિર શાંતિ, આત્મશાંતિ અને સદ્‌ગતિ આપો એ જ પ્રાર્થના. બહેન અમિતાના છેલ્લા દિવસોમાં તેની કાળજી કરવા માટે કેન્સર હોસ્પિટલના ડાયરેક્ટર ડૉ. પંકજભાઈ શાહ, ડૉ. સંદિપ પટેલ, શિવાનંદ આશ્રમના સચિવ શ્રી રાજીવ શાહ તથા કુ. રાજલ આચાર્યનો શિવાનંદ આશ્રમ ઋણી રહેશે. ૐ શાંતિ.

તા.આઠમીની બપોરે શ્રી કોઠારી પરિવાર દ્વારા આયોજિત ભાગવત જ્ઞાનયજ્ઞનો ખૂબ જ ધામધૂમથી મંગલ પ્રારંભ થયો. કથાના ઉદ્‌ઘાટન પ્રસંગે સંન્યાસ આશ્રમ અમદાવાદના આચાર્ય મહામંડળેશ્વર ૧૦૦૮ શ્રીમત્ સ્વામી વિશ્વદેવાનંદજી મહારાજશ્રીએ પધારી સૌને આશીર્વાદ આપી ઉપકૃત કર્યા.

કથાની પૂર્ણાહુતિ પ્રસંગે નાના શામળાજીથી સુશ્રી વંદનાબેન અને ડીસાથી મહંત મહારાજશ્રીએ પધારી સૌને દર્શન લાભ આપ્યો હતો. કથા દરમિયાન એક દિવસ સુશ્રી વંદનાબેન, શ્રી મુકેશ ભટ્ટ અને ડીસાથી પધારેલ ભક્તમંડળ દ્વારા સુંદરકાંડ પારાયણનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

તા.૧૪મીની ઢળતી બપોરે કથાની પૂર્ણાહુતિ પ્રસંગે ૧૦૦ વર્ષના શ્રી નટવરલાલ ઉપાધ્યાય દાદાએ પધારી સૌને આશીર્દાન કર્યા હતા. મહાપ્રસાદ ભંડારા અને પૂર્ણાહુતિના યજ્ઞ પછી સૌ કથામૃતનો આનંદ વાગોળતાં વિખરાયાં હતાં.

તા.૧૨મીની સવારે **અમદાવાદ રોટરી દ્વારા આયોજિત યુવા-વ્યક્તિત્વ વિકાસ શિબિર**માં આવેલ ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશના યુવકોને ગાંધીનગર ખાતે પૂજ્ય સ્વામીજીએ સંબોધ્યા હતા. આશ્રમની નિત્ય દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક અને માસિક પ્રવૃત્તિઓ ખૂબ જ નિયમિત ચાલે છે. સેવા અને સ્મરણ પ્રાર્થનાથી આશ્રમ સદૈવ પ્રાણવાન બની રહે છે.

જૈન મ.સાહેબોએ ચાતુર્માસ બાદ વિહારનો પ્રારંભ કર્યો : હિંદુ પ્રજા જ્યારે અનેક સંપ્રદાય અને વાડાઓમાં કુંઠિત થતી જાય છે, ત્યારે ભારતમાં સૌપ્રથમ વાર જેમાં પરંપરાગત હિંદુ મંદિરો વિદ્યમાન હોય તેવા

શ્રી શિવાનંદ આશ્રમમાં ચાતુર્માસ દરમિયાન જૈન મહારાજ સાહેબોની સ્થિરતા એક આગવું ઉદાહરણ અને ઐતિહાસિક પ્રસંગ પૂરો પાડે છે. ચાતુર્માસ દરમિયાન શ્રી શિવાનંદ આશ્રમ ખાતે મહારાજ સાહેબોની સ્થિરતા દરમિયાન આર્ય સંસ્કૃતિ પરંપરા અનુસાર જીવનશૈલી કેવી હોય તેના અનેક પ્રસંગો સહુએ માણ્યા અને અનુભવ્યા. પૂ. મુનિરાજ શ્રી હિતરુચિવિજયજી મ.સા. સહિત ચૌદ આદિઠાણાએ આશ્રમમાં સ્થિરતા કરેલ અને ચાતુર્માસ બાદ દેવદિવાળીના શુભ દિને આશ્રમમાંથી વિહાર કરવા પ્રયાણ કર્યું. ત્યારબાદ સત્યાગ્રહ છાવણીમાં શ્રી નિપમભાઈ શાહને ત્યાં તેઓનું વિધિવત્ સ્વાગત થયું. પૂજ્ય હિતરુચિવિજયજી મ.સા.નું વ્યાખ્યાન અને ત્યારબાદ શિવાનંદ આશ્રમનું આભાર માનવા સાથે અભિવાદન કરવામાં આવ્યું. શ્રી નિપમભાઈ દ્વારા આયોજિત સાધર્મિક ભક્તિનો સૌએ પ્રેમ અને ભક્તિભાવપૂર્વક લાભ લીધો. આશ્રમના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો અને ભક્તો આ કાર્યક્રમમાં હાજર રહ્યા.

હરિદ્વાર : શ્રીશ્રી મા આનંદમયીમાના સંઘ દ્વારા આયોજિત ૬૧મા સંયમ સપ્તાહમાં પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ તા.૧૫થી ૧૯ નવેમ્બર સુધી હાજર રહ્યા હતા. દરરોજ સામૂહિક ધ્યાન, પ્રાર્થના ઉપરાંત પૂજ્ય સ્વામીજીનો સત્સંગ પ્રતિદિન યોજાયો હતો, જે ભક્તોએ ખૂબ જ ભાવ અને આદર સાથે માણ્યો હતો.

પરમાનંદ ભંડાર, કનખલનાં વેદાંત સંમેલન અને ભેલ B.H.E.L. ખાતે છેલ્લા ૩૬ વર્ષથી પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજનાં પ્રવચન-સત્સંગ નિયમિત રીતે આયોજાય છે, આ વર્ષે પણ પૂજ્ય સ્વામીએ સૌ ભક્તોને આ પવિત્ર સેવાનો લાભ આપ્યો.

તા.૧૯મીની મોડી રાત્રે પૂજ્ય સ્વામીજી લખનઉ જવા રવાના થયા. હરિદ્વારના નિવાસ દરમિયાન ભક્તોના આગ્રહને વશ થઈ પૂજ્ય સ્વામીજીએ ભક્તોને ત્યાં પધરામણી અને સત્સંગનો લાભ આપ્યો.

હૃષીકેશ : છારોડી, અમદાવાદના શ્રી સ્વામિનારાયણ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાન ગુરુકુળના પૂજ્ય આચાર્યશ્રી ગુરુવર્ય માધવપ્રિય સ્વામીના નિમંત્રણે હૃષીકેશમાં પરમાર્થ નિકેતનમાં ગંગાતટે આયોજાયેલ સાધના શિબિરમાં પધારી પૂર્ણાહુતિ પ્રવચન કરી પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે સૌને એકાદશી તા.સત્તરની સવારે પવિત્ર લાભ આપ્યો હતો.

હૃષીકેશ-હરિદ્વાર ખાતે વાહન અને અન્ય સુવિધાઓ આપવા બદલ શ્રી અસલોમલ કન્હૈયાલાલ પરિવારનું શિવાનંદ આશ્રમ, અમદાવાદ સેવા આવકારે છે.

લખનઉ : રોટરી ક્લબ, લખનઉ મેનેજમેન્ટ એસોસીએશન અને રાષ્ટ્રીય અધ્યક્ષ ભોજપુરી સમાજના નિમંત્રણે પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ તા.૨૦થી તા.૨૨ નવેમ્બરના અલ્પકાલીન પરંતુ ત્વરિત કાર્યક્રમો માટે લખનઉ પધાર્યા હતા.

તા.૨૦મીની બપોરે ૧-૦૦ થી ૪-૦૦ વાગ્યા સુધી હોટેલ તાજરીજન્સીમાં એક વિચારગોષ્ઠીનું આયોજન તથા પ્રીતિભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજને વિશેષરૂપે આમંત્રવામાં આવ્યા હતા. અતિથિવિશેષ તરીકે મોરીશિયસના રાષ્ટ્રપતિ મહામહિમ અનિરુદ્ધ જગન્નાથ તથા શ્રીમતી સરોજની જગન્નાથ ઉપસ્થિત રહ્યાં હતાં. પૂજ્ય સ્વામીજીએ આદરણીય હિતરુચિવિજય મહારાજની ભેટ કાંસાની થાળી, બે વાટકી, ગ્લાસ અને ચમચી મહામહિમને અર્પણ કરી હતી. શાલ ઓઢાડી તેમનું સન્માન કર્યું હતું. ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શ્રી રામનરેશ યાદવે પૂ. સ્વામી અધ્યાત્માનંદજી મહારાજનું અભિવાદન શાલ અને સ્મૃતિચિહ્ન આપીને કર્યું હતું. આ પ્રસંગે ભારત સરકારના કોયલામંત્રી શ્રી પ્રકાશ જયસવાલ (સ્વતંત્ર પ્રભાર) શ્રી પુનીયા રાષ્ટ્રીય અધ્યક્ષ પછાત વર્ગ અને અન્ય વિશિષ્ટ ક્ષમતા સમ્પન્ન લોકો ઉપસ્થિત રહ્યા હતા. વિચારગોષ્ઠી ઉપરાંત પ્રીતિભોજનમાં સવારે તાજ ખાતે અને સાંજે આર્મીના કમાન્ડ હાઉસ ખાતે પૂજ્ય સ્વામીજીને સસ્નેહ અને આદરસહ નિમંત્રિત કરવામાં આવેલા હતા.

લખનઉ મેનેજમેન્ટ એસોસીએશન અને રોટરી લખનઉના સંયુક્ત તત્વાવધાનમાં રોટરીભવન ખાતે નિરાલાનગરમાં ટ્રેસ મેનેજમેન્ટ સંબંધી ત્રિદિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લખનઉના વરિષ્ઠ ડોક્ટરો, સર્જનો, ન્યાયવિદો અને પ્રશાસનિક પદાધિકારીઓએ ખૂબ જ હોંશપૂર્વક ભાગ લીધો હતો- આ બધા કાર્યક્રમોનું ટી.વી. ચેનલો અને વર્તમાનપત્રો દ્વારા ખૂબ જ સારી રીતે પ્રસારણ-પ્રચાર કરવામાં આવ્યો હતો.

ભક્તોના આગ્રહવશ પૂજ્ય સ્વામીજીએ ગૃહપ્રવેશ અને અન્ય પ્રસંગો પર ઉપસ્થિત રહી સૌને આનંદ આપ્યો હતો. તા.૨૨મીની ઢળતી બપોરે પૂજ્ય સ્વામીજી યમુનાનગર જવા રવાના થયા હતા.

યમુનાનગર : શિવાનંદ આશ્રમ, અમદાવાદના ભક્ત પરિવાર શ્રીમતી મોનીકા અલખ અને શ્રીમતી અમિષા વાસુદેવાના સંયુક્ત પ્રયાસ વડે શ્રી લક્ષ્મી ઈન્ડસ્ટ્રીઝમાં હવન-ભંડારો તથા સનાતન મંદિરોમાં સત્સંગ અને સ્વામી દયાનંદ આર્ય વિદ્યાલયમાં પૂજ્ય સ્વામીજીના ઉદ્‌બોધનો તા.૨૩ તથા તા.૨૪ના રોજ યમુનાનગર ખાતે થયાં હતાં.

કરનાલ : શ્રી કર્ણ યોગ વિદ્યાપીઠના નિમંત્રણે પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ તા.૨૫મીની સવારે કરનાલ પધાર્યા હતા. વિદ્યાપીઠના કાર્યક્રમો ઉપરાંત પૂજ્ય સ્વામી અમરીકસિંહજી મહારાજના દર્શને પણ સ્વામીજી પધાર્યા હતા, અને ગુરુવાણી-ગ્રંથ સાહેબમાંથી સત્સંગ કરાવી સૌને અમૃતવાણીનો દિવ્ય લાભ આપ્યો હતો.

અંબાલા : અંબાલા દિવ્ય જીવન સંઘ ખાતે ડૉ. ઓમપ્રકાશ શર્માજી દ્વારા તા.૨૬મીના રોજ શિવાનંદ સત્સંગ ભવન અને ભક્તોને ત્યાં પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના સત્સંગો આયોજાયા.

લુધીઆના : તા.૨૭મીના રોજ સવારે પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજનું લુધીઆના ખાતે આગમન થતાં, ભક્તોમાં ખૂબ જ ઉત્સાહ અને આનંદ છવાયો હતો. રખબાગ (રક્ષબાગ) ખાતે ત્રણેય દિવસે સાંજે પૂજ્ય સ્વામીજીનાં જાહેર પ્રવચન આયોજાયાં હતાં. આ સર્વ વ્યવસ્થા શ્રીમતી દર્શન અને શ્રી સંદીપ તથા સંજય જૈન ભાઈઓ દ્વારા કરવામાં આવેલ હતી.

જલંધર-અમૃતસર : તા.૩૦મીની સવારે જલંધર અને બપોરે અમૃતસર ખાતે ભક્તોને ત્યાં પધરામણી તથા સત્સંગ ઉપરાંત પૂજ્ય સ્વામીજી પવિત્ર દુર્ગ્યાણ અને શ્રી હર મંદિર સાહેબનાં દર્શને ગયા હતા. આશ્રમના અનન્ય ભક્ત શ્રી જીયાલાલજી મોહલ્લાજીના પરિવારને ત્યાં વિશેષ સત્સંગનું આયોજન થયું હતું. તા.૩૦મીની મોડી રાત્રે પૂજ્ય સ્વામીજીનું પરાકુલા (ચંડીગઢ) ખાતે આગમન થયું હતું.

With Best Compliments from

M/s. Subhash & Co.,

Yarn Merchant

305, Hajoori Chambers,
Jampa Bazar, Surat
Tel. Landline : 0261-2424733
Mob. : 9374727301

Education is an intergrating process, overhauling the whole being of the individual, enabling him to fit into the cosmic law.

- Sri Swami Sivanandaji

Gaurav Vyas

ROOTSHUNT

ROOTSHUNT

હિલીંગ આઈટમ : ક્રિસ્ટલ અને પિરામીડ રેઈકી તથા વાસ્તુશાસ્ત્ર અંગેની વસ્તુઓ, હિલીંગ વોન્ડ, પેન્ડયુલમ, પિરામીડ, વગેરે

અધ્યાત્મિક વસ્તુઓ : સ્ફટીક શ્રી યંત્ર, ગણેશ, માળાઓ, શિવલિંગ વગેરે.

અગેટ સ્ટોન આઈટમ : દરેક ગ્રહોના નંગ, ભણવામાં એકાગ્રતા, માનસિક શાંતિ, ધંધામાં સફળતા, ખરાબ નજર અને ખરાબ શક્તિથી રક્ષણ, ધ્યાન, જીવનમાં સફળતા, કાર્યસિદ્ધિ, વગેરે માટે...

ગીફ્ટ આઈટમ : અગેટ ટ્રી, ગીફ્ટ બોક્સ, સ્ફટિકની વસ્તુઓ, વગેરે

જ્વેલરી : સ્ટોન, મેટલ અને અમીટેશન જ્વેલરી.

3, કેશવ કોમ્પ્લેક્ષ, મહાકાલી મંદિર પાસે, ભૂયંગદેવ ચાર રસ્તા, ઘાટલોડિયા,
અમદાવાદ-૩૮૦૦૬૧. ગુજરાત. (M) : 98792 58523

Website : www.rootshunt.com

Everything in Rudraksh
Precious Gems
and
Stones

सौ वर्षों की पहचान

Aslomal Kanhaiyalal

IMPORTERS & EXPORTERS OF :-
RUDRAKSH FROM NEPAL & INDONESIA

Ramgiri Ki Haweli, Bada Bazar, Haridwar-249401
Ph. 01334-222266, 227606

Kanskhar, Chhatta Bazar, Mathura-281001
Ph : (Off.) 0565-2403743
(Showroom) 0565-2402448

સ્વાદ અને ગુણવત્તાની પરંપરા

રામદેવ



સ્વાદના શોખ અને સ્વાસ્થ્યની કાળજી માટે
હંમેશા તમારી સાથે રહેલી એક ભરોસાપાત્ર બ્રાન્ડ.
એક સરખી પ્રીમિયમ ક્વૉલિટીનું એ જ પ્રોમિસ.

ISO 22000 ફૂડ સેફ્ટી પ્રમાણિત કંપની

મસાલા • ઈન્સ્ટન્ટ મિક્ષ • બ્લેન્ડેડ મસાલા • હિંગ વગેરેની વિશાળ શ્રેણી અને પેક સાઈઝ

રામદેવ ફૂડ પ્રોડક્ટસ પ્રા. લિ.

સ્પાઈસ વર્લ્ડ, સરખેજ-બાવળા હાઈવે, ચાંગોદર-૩૮૨ ૨૧૩, અમદાવાદ. • www.ramdevfood.com

સદ્ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજની ગુજરાત યાત્રા નો હીરક જયંતી મહોત્સવ



હીરક જયંતી વિશેષાંકનું વિમોચન કરતા મહામંડળેશ્વર
શ્રીમત્ સ્વામી મંગળાનંદજી મહારાજ અને
પૂજ્ય સ્વામીજી મહારાજ

અખિલ ભારત સાધુ સમાજના અધ્યક્ષ મહામંડળેશ્વર
શ્રીમત્ સ્વામી મંગળાનંદજી મહારાજના વરદ હસ્તે
પૂજ્ય શ્રી બાલકૃષ્ણભાઈ પંડયાનું
"ગુરુભક્તિરત્ન" બિરુદથી સન્માન



મહામંડળેશ્વર શ્રી સ્વામી વિશ્વંભરભારતીજી મહારાજ

પૂજ્ય શ્રી સ્વામી પરમાત્માનંદજી મહારાજ,
આર્ષ વિદ્યા મંદિર, મુંજકા, રાજકોટ

પૂજ્ય શ્રી દેવપ્રસાદજી મહારાજ,
મહંતશ્રી આણદાબાવા આશ્રમ, જામનગર

સદ્ગુરુદેવના આગમન વખતે (૧૯૫૦માં) તેઓની
સમક્ષ ભક્તિ સંગીત ગાનાર પૂજ્યા શ્રી હરિબાળાબેને
અત્યારે પણ ભક્તિસંગીત પીરસ્યું.

Postal Registration No. GAMC 1417/2009-11 Valid up to 31-12-2011 RNI No. GUJGUJ/2003/15738
Posted on 5th of every month at PSO, Ahmedabad-380 002. Annual Subscription Rs.100/-

શ્રી શ્રી મા આનંદમયી સંસ્થાન દ્વારા આયોજિત સંયમસપ્તાહમાં
દિવ્ય જીવન સંઘ, હૃષીકેશના અધ્યક્ષ પૂજય શ્રી સ્વામી વિમળાનંદજી મહારાજ અને
મહામંત્રી શ્રી સ્વામી પદ્મનાભાનંદજી મહારાજ સાથે મંચસ્થ પૂજય સ્વામીજી મહારાજ

શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે દિવાળી અન્નકૂટ દર્શન

હમણાં જ જાગી જાઓ

કૃપા કરી વિલંબ ન કરો. આધ્યાત્મિક બીજ તમે જ્યારે યુવાન છો ત્યારે જ, હમણાં જ તમારામાં વાવી દો. તમારે ભગવાનને સુંદર પુષ્પો (યુવાની) અને પવિત્ર મન ભગવાનને અર્પણ કરી દેવાં જોઈએ. સડેલાં પુષ્પો (વૃદ્ધ શરીર) અને કલંકિત મન નહિ.

- સ્વામી ચિદાનંદ

If undelivered return to:
"Divya Jivan" Gujarat Divya Jivan Sangh
Sivananda Ashram, Opp. ISRO, Ahmedabad-15. Ph.: 079-26861234

Print Vision